RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER
Year : 15 Issue : 334 Dt. 09-06-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## વિપક્ષો ભાજપને ભીડવશે : INDIA બ્લોક

### ઇન્ડિયા બ્લોકની બેઠકમાં ૫ મોટા નિર્ણયોઃ દર ૨ મહિને ભેગા થશે વિપક્ષી નેતાઓ, ૮ ઓગસ્ટે હૈદરાબાદમાં મંથન બેઠક



નવી દિલ્હી, તા.૮

દિલ્હીમાં ઇન્ડિયા બ્લોક (INDIA Block)ની એક મહત્ત્વની અને લાંબી બેઠક યોજાઈ હતી. આ મીટિંગ પછી કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખરગેએ ભાજપ સરકાર સામે આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે વિપક્ષી પક્ષો હવે વધુ એકતા અને મજબૂતીથી લડશે અને જનતાના પ્રશ્નોને સતત ઉઠાવતા રહેશે. આ ગઠબંધન પાંચ મોટા મુદ્દાઓ પર સહમત થયું છે, જેને લઈને આગામી દિવસોમાં સંસદથી લઈને રસ્તાઓ સુધી સરકારનો વિરોધ કરવામાં આવશે. આ બેઠકમાં આશરે ૨૫ વિપક્ષી પક્ષોએ ભાગ લીધો હતો. ખરગેએ NEET પેપર લીકના મુદ્દાને યુવાનોના ભવિષ્ય સાથે મોટી છેતરપિંડી ગણાવી હતી. તેમણે આક્ષેપ કર્યો કે સરકાર આ પરીક્ષા સારી રીતે યોજવામાં સાવ નિષ્ફળ રહી છે, તેથી ઇન્ડિયા બ્લોકે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી કરી છે. વિપક્ષ આગામી ચોમાસુ સત્રમાં પણ આ મુદ્દો ખૂબ જોરશોરથી ઉઠાવશે.

વિપક્ષી ગઠબંધનના પાંચ મોટા એલાન બેઠકમાં દેશની વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને પાંચ મુખ્ય નિર્ણયો લેવામાં આવ્યા છેઃ મોંઘવારી અને બેરોજગારીઃ આર્થિક સ્થિતિ, વધતી મોંઘવારી અને બેરોજગારીના મુદ્દાને દેશભરમાં મોટા પાયે ઉઠાવવામાં આવશે અને સંયુક્ત અભિયાન ચલાવાશે. NEET પેપર લીકઃ પરીક્ષા પ્રણાલીની ગેરરીતિઓ સામે કેન્દ્ર સરકારને ઘેરવાનું ચાલુ રખાશે અને શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ પર અડગ રહેશે. ચૂંટણી પ્રક્રિયા પર સવાલઃ જીંઈછ પ્રક્રિયા અને કરોડો લોકોના મતદાન અધિકારો છીનવાઈ રહ્યા હોવાના આક્ષેપ સાથે વિપક્ષી ગઠબંધન દેશના મુખ્ય ન્યાયાધીશ (CJI)ને પત્ર લખશે. દર બે મહિને બેઠકઃ ઇન્ડિયા બ્લોકના પક્ષો વચ્ચે તાલમેલ જાળવવા માટે હવે દર બે મહિને મોટી બેઠક મળશે. આ અંતર્ગત આગામી બેઠક ૮ ઓગસ્ટના રોજ હૈદરાબાદમાં યોજાશે. મોન્સૂન સત્રની વ્યૂહનીતિઃ સંસદના આગામી સત્રમાં તમામ વિપક્ષી દળો સાથે મળીને ભાજપ સરકાર સામે એક સંયુક્ત વ્યૂહનીતિ તૈયાર કરશે.

મલ્લિકાર્જુન ખરગેએ કેન્દ્ર સરકારની વિદેશ નીતિ સામે પણ સવાલો ઉઠાવતા કહ્યું કે, ભારતની પરંપરાગત વિદેશ નીતિ નબળી પડી છે અને તેનાથી આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની સ્થિતિ પર અસર થઈ છે.

વિપક્ષી નેતાઓએ દાવો કર્યો હતો કે લોકસભામાં ૧૭ એપ્રિલ, ૨૦૨૬ના રોજ બંધારણ સુધારા વિધેયકને હરાવીને વિપક્ષે પોતાની એકતા સાબિત કરી દીધી હતી અને હવે આ એકતા વધુ મજબૂત કરાશે. રાજકીય વિશ્લેષકોના મતે, ઇન્ડિયા બ્લોક હવે માત્ર સંસદ પૂરતો સીમિત ન રહેતા અત્યારથી જ વર્ષ ૨૦૨૯ની લોકસભા ચૂંટણીની તૈયારીઓમાં લાગી ગયો છે.

## મિડલ ઈસ્ટમાં ફરી યુદ્ધના ભણકારા

### તમામ ભારતીયોને તાત્કાલિક ઈરાન છોડવા નવી એડવાઈઝરી

નવી દિલ્હી, તા.૮

મિડલ ઈસ્ટમાં ઈઝરાયલ, ઈરાન અને યમન વચ્ચે શરૂ થયેલા ભયંકર મિસાઈલ યુદ્ધના કારણે પરિસ્થિતિ અત્યંત ગંભીર અને વિસ્ફોટક બની ગઈ છે. આ વધતા જતા તણાવને ધ્યાનમાં રાખીને તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકોની સુરક્ષા માટે ટ્રાવેલ એડવાઈઝરી અપડેટ કરીને નવી નોટિસ જાહેર કરી છે.

ભારતીય મિશને પોતાના નાગરિકોને ઈરાનનો પ્રવાસ સંપૂર્ણપણે ટાળવા જણાવ્યું છે અને જે ભારતીયો હાલમાં ઈરાનમાં હાજર છે, તેમને ઉપલબ્ધ વાહનવ્યવહારના સાધનોનો તાત્કાલિક ઉપયોગ કરીને દેશ છોડી દેવા ભારપૂર્વક અપીલ કરી છે.

સોમવાર, ૮ જૂનના રોજ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' (ડ) પર ભારતીય દૂતાવાસે આ વિશેષ નોટિસ શેર કરી છે.



EMBASSY OF INDIA
TEHRAN

08 June 2026

1. In view of the latest developments in the region, the Embassy reiterates its earlier advice to all Indian Nationals to avoid any travel to Iran.

2. Indian Nationals presently in Iran are also advised to exit the country by available means of transport.

દૂતાવાસે તમામ ભારતીય નાગરિકોને ઈરાનની કોઈપણ પ્રકારની યાત્રા ન કરવા માટે કડક આદેશ આપ્યો છે. આ માર્ગદર્શિકામાં માત્ર પ્રવાસ ટાળવાની જ વાત નથી, પરંતુ જે પણ ભારતીય નાગરિકો, વ્યવસાયીઓ કે વિદ્યાર્થીઓ હાલમાં ઈરાનની અંદર વસવાટ કરી રહ્યા છે, તેમને પણ પરિસ્થિતિ વધુ વણસે તે પહેલાં સુરક્ષિત સ્થળે ખસી જવા અથવા સ્વદેશ પરત ફરવા કડક નિર્દેશ અપાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ એશિયામાં છેલ્લા કેટલાક મહિનાઓથી સુરક્ષા વ્યવસ્થા સતત કથળી રહી છે.

ઈઝરાયલ દ્વારા ઈરાન અને લેબનોન પર કરવામાં આવેલા હવાઈ હુમલા અને તેના જવાબમાં ઈરાન તથા યમનના હૂથી જૂથો દ્વારા થઈ રહેલા મિસાઈલ મારાને કારણે વૈશ્વિક ચિંતા વધી છે. આ તમામ ઘટનાક્રમોના લીધે કોઈપણ ક્ષણે ફરીથી મોટું આંતરરાષ્ટ્રીય યુદ્ધ ફાટી નીકળવાની દહેશત સેવાઈ રહી છે. આ જ ગંભીર સુરક્ષા ચિંતાઓને કારણે તેહરાન સ્થિત ભારતીય મિશને છેલ્લા કેટલાક મહિનાઓમાં અવારનવાર આવી એડવાઈઝરીઓ જાહેર કરવાની ફરજ પડી છે.

## વિશાખાપટ્ટનમ સ્ટીલ પ્લાન્ટમાં ગોઝારી દુર્ઘટનાઃ૮ મોત

**ક્રેન દ્વારા લેડલ ઊંચકતી વખતે ૧૫૦૦ ડિગ્રી તાપમાન ધરાવતો પીગળેલા લોખંડનો લાવા શ્રમિકો પર પડ્યો; અનેક કામદારો ગંભીર રીતે દાઝી જતા અફરાતફરીનો માહોલ**



વિશાખાપટ્ટનમ, તા.૮

આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ સ્ટીલ પ્લાન્ટ માંથી એક અત્યંત હૃદયદ્રાવક અને મોટી દુર્ઘટનાના અહેવાલ સામે આવ્યા છે. પ્લાન્ટની અંદર રોજિંદા કામકાજ દરમિયાન ભારે માત્રામાં ઉકળતું લિક્વિડ સ્ટીલ (પીગળેલું લોખંડ) ઊંચકતી વખતે આ ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ ગોઝારી ઘટનામાં અત્યાર સુધીમાં ૮ જેટલા શ્રમિકોના કમકમાટીભર્યા મોતના સમાચાર સામે આવતા ભારે આઘાત અને શોકનું મોજું ફરી વળ્યું છે, જ્યારે અન્ય કેટલાક મજૂરો ગંભીર રીતે દાઝી જતાં મોત સામે જંગ લડી રહ્યા છે.

આ ઘટના અંગે મળતી પ્રારંભિક માહિતી અનુસાર, આ અકસ્માત સ્ટીલ પ્લાન્ટના SMS-2 અને STC-3 હીટ એફજી વિભાગમાં તે સમયે સર્જાયો હતો, જ્યારે ક્રેનની મદદથી ઉકળતા લિક્વિડ સ્ટીલને ઉપર ઊંચકવાની કામગીરી ચાલી રહી હતી. જાણવા મળ્યા મુજબ, આશરે ૧,૫૦૦ઓઈ ના અત્યંત ઊંચા અને જીવલેણ તાપમાને ઉકળી રહેલા આ મેટલ લિક્વિડનું લેડલ (પીગળેલું લોખંડ ભરવાનું વિશાળ પાત્ર) અચાનક જ અનિયંત્રિત થઈ ગયું હતું. સંતુલન ગુમાવવાના કારણે આ પાત્ર હલી ગયું અને તેમાંથી ભયાનક લાવા સમાન ધગધગતું પ્રવાહી લોખંડ નીચે કામ કરી રહેલા નિર્દોષ મજૂરો પર સીધું જ ખાબક્યું હતું.

અચાનક જ ઉકળતું સ્ટીલ પડતાં જ આખા પ્લાન્ટમાં ભારે અરાજકતા, ભય અને નાસભાગનો માહોલ સર્જાઈ ગયો હતો. અકસ્માતનો ભોગ બનેલા મજૂરોની ચીસોથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. આ ભયાવહ ઘટનાની માહિતી મળતા જ સ્ટીલ પ્લાન્ટની ફાયર બ્રિગેડની ટીમ અને બચાવ કર્મીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા અને આગ તેમજ સમગ્ર પરિસ્થિતિ પર કાબૂ મેળવવાના યુદ્ધના ધોરણે પ્રયાસો હાથ ધર્યા હતા. ગંભીર રીતે દાઝી ગયેલા તમામ શ્રમિકોને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપીને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર હજુ પણ કેટલાક મજૂરોની હાલત અત્યંત નાજુક અને ગંભીર છે, જેના કારણે મૃત્યુઆંકમાં વધારો થવાની આશંકા સેવાઈ રહી છે.

## TMCના ૨૦ સાંસદો NDAમાં

### લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પત્ર લખીને વ્યક્ત કરી ઈચ્છા : કાકોલી દસ્તીદાર




નવી દિલ્હી, તા.૮

ટીએમસી પાસે હાલમાં ૨૮ લોકસભા સાંસદો અને ૧૨ રાજ્યસભા સાંસદો છે; ઘોષ દસ્તીદારે કહ્યું છે કે આ જૂથે રાજકીય રીતે એનડીએ સાથે જોડાવાનો નિર્ણય લીધો છે. લોકસભામાં ટીએમસીના મુખ્ય દંડક તરીકે ચાલુ રહેવાનો દાવો કરતા, ઘોષ દસ્તીદારે કહ્યું કે સાથી સાંસદો સાથે પરામર્શ કર્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ટીએમસીમાં રાજકીય કટોકટી વધુ ઘેરી બનતી જાય છે, ત્યારે વરિષ્ઠ સાંસદ કાકોલી ઘોષ દસ્તીદારે સોમવારે દાવો કર્યો કે લગભગ ૨૦ લોકસભા સાંસદોએ એનડીએને ટેકો આપવાનો નિર્ણય લીધો છે અને સ્પીકર ઓમ બિરલાને પોતાનો અભિપ્રાય આપ્યો છે, જેના કારણે પાર્ટીના સંસદીય એકમમાં વિભાજન થયું છે.પશ્ચિમ બંગાળ વિધાનસભામાં ટીએમસી નેતૃત્વને મોટો ફટકો પડ્યો તેના થોડા જ દિવસો પછી આ ઘટનાક્રમ બન્યો છે. તેના ૮૦ માંથી ૫૮ ધારાસભ્યોએ પાર્ટી હાઈકમાન્ડના વરિષ્ઠ નેતા સોવનદેવ ચટ્ટોપાધ્યાયને વિપક્ષના નેતા તરીકે નિયુક્ત કરવાના નિર્ણયનો વિરોધ કર્યો હતો અને હાંકી કાઢવામાં આવેલા ધારાસભ્ય રીતાબ્રત બેનર્જીને તે પદ પર ચૂંટ્યા હતા. વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ ટીએમસીમાં જે રાજકીય ઉથલપાથલ છે તે સોમવારે તેના સંસદીય રેન્કમાં પણ આગળ વધી હતી. પાર્ટી સુપ્રીમો મમતા બેનર્જી દિલ્હીમાં ભાજપ સામે સમગ્ર ભારતમાં રણનીતિ બનાવવા માટે ઇન્ડિયા બ્લોક કોન્ક્લેવમાં હાજરી આપી રહ્યા હતા ત્યારે પણ અસંતુષ્ટ સાંસદોના એક જૂથે એનડીએને ટેકો આપ્યો હતો.

ઘોષ દસ્તીદારે પીટીઆઈ સાથે વાત કરતા કહ્યું કે સાંસદોએ એનડીએને ટેકો આપવાના તેમના નિર્ણયની સ્પીકરને જાણ કરી હતી. મારા સહિત લગભગ વીસ ટીએમસી સાંસદોએ લોકસભા સ્પીકર ઓમ બિરલાને પત્ર લખીને એનડીએને ઔપચારિક રીતે ટેકો આપવાનું નક્કી કર્યું છે. અમે લોકસભા સ્પીકરને પત્ર મોકલીને જણાવ્યું છે કે અમે એનડીએને ટેકો આપવા માંગીએ છીએ.

સૂત્રોએ જણાવ્યું હતું કે અસંતુષ્ટ સાંસદો સ્પીકર સમક્ષ દલીલ કરવાનો ઈરાદો ધરાવે છે કે ઘોષ દસ્તીદાર લોકસભામાં પાર્ટીના માન્ય ચીફ વ્હીપ તરીકે ચાલુ રહે છે અને પાર્ટી નેતૃત્વ દ્વારા જાહેર કરાયેલા કોઈપણ ફેરફારો જરૂરી સંસદીય પ્રક્રિયા દ્વારા પૂર્ણ થયા નથી. મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળના તૃણમૂલ કોંગ્રેસના વડાએ ઘોષ દસ્તીદારને મુખ્ય વ્હીપ તરીકે દૂર કરવાનો અને તેમના સ્થાને કલ્યાણ બેનર્જીને નિયુક્ત કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ લોકસભા સચિવાલયને આ અંગે જાણ કરવામાં આવી ન હતી.

લોકસભામાં પાર્ટીના મુખ્ય વ્હીપ તરીકે ચાલુ રહેવાનો દાવો કરતા, ઘોષ દસ્તીદારે કહ્યું કે સાથી સાંસદો વચ્ચેની સલાહ-સૂચનો પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. અમે લોકોના ચુકાદાનો સ્વીકાર કર્યો છે અને માનીએ છીએ કે અમારો ભાવિ રાજકીય માર્ગ એનડીએ સાથે જોડાયેલો હોવો જોઈએ. અસંતુષ્ટ કેમ્પના સૂત્રોના જણાવ્યા અનુસાર, સાંસદોએ તાત્કાલિક રાજીનામું ન આપવાનું કે ભાજપમાં જોડાવાનું પસંદ કર્યું નથી. તેના બદલે, તેઓ એનડીએને ટેકો આપતી વખતે એક અલગ સંસદીય જૂથ તરીકે કાર્ય કરવાનો ઈરાદો ધરાવે છે, જે પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ રક્ષણ સુનિશ્ચિત કરવા માટે રચાયેલ રણનીતિ છે. આ ગણિત રાજકીય રીતે મહત્વપૂર્ણ છે.

ટીએમસી પાસે હાલમાં ૨૮ લોકસભા સાંસદો છે, જેમાં બશીરહાટના સાંસદ હાજી નુરુલ ઈસ્લામના અવસાન બાદ એક બેઠક ખાલી પડી છે. ૨૦ સાંસદોનો ટેકો પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ રક્ષણ માટે જરૂરી બે-તૃતીયાંશ બહુમતીને આરામથી વટાવી જશે. આ ઘટનાક્રમ અસંતુષ્ટ સાંસદોએ નવી દિલ્હીમાં બંધ બારણે બેઠક યોજ્યાના એક દિવસ પછી આવ્યો છે અને તેનાથી ટીએમસીના નેતૃત્વના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પરના અધિકાર પર પ્રશ્નો ઊભા થાય તેવી શક્યતા છે. મમતા બેનર્જી માટે, આ કટોકટી હવે સંગઠનાત્મક અસંમતિથી, પાર્ટીના સંસદીય તાકાતના એક નોંધપાત્ર ભાગ પર નિયંત્રણ ગુમાવવાની સંભાવના સુધી પહોંચી ગઈ છે, જેના રાષ્ટ્રીય સ્તરે ટીએમસી અને વિપક્ષી જૂથ બંને માટે દૂરગામી પરિણામો આવી શકે છે.



# વિકાસ-પ્રગતિનું અનોખું મોડેલ ગુજરાત : CM

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણનાં ૧૨ વર્ષ : વિકસિત ભારતનો અમૃતકાળઃ વિકસિત ભારત- ૨૦૪૭ ના સંકલ્પ સાથે આત્મનિર્ભર ભારતની દિશામાં દેશની આગેકૂચ

ગાંધીનગર, તા.૮

દેશના વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ ૨૬ મેં ૨૦૧૪ના રોજ શપથ લીધા હતા. ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના લક્ષ્ય સાથે આગળ વધી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને દેશની પ્રજાનો અભૂતપૂર્વ ટેકો મળ્યો અને ૨૦૨૪માં તેઓએ સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો. ૨૬ મે ૨૦૨૬ રોજ વડાપ્રધાન તરીકેના તેમના કાર્યકાળના ૧૨ વર્ષ પૂર્ણ થયાં છે.

૧૨ વર્ષોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશાદર્શન હેઠળ ભારતે વિકાસ, સુશાસન, ગરીબ કલ્યાણ અને વૈશ્વિક પ્રતિષ્ઠાના નવા અધ્યાય લખ્યા છે. વડાપ્રધાનના દૃઢ નેતૃત્વ અને દૂરંદેશી વિચારસરણીથી ભારતે એક નવી દિશા મેળવી છે. તેમણે સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ, સબ કા પ્રયાસ ના મંત્રને પ્રાથમિકતા આપી છે, અને વિકસિત ભારત-૨૦૪૭ ના સંકલ્પ સાથે આત્મનિર્ભર ભારતના નિર્માણની દિશામાં સતત આગેકૂચ કરી રહ્યા છે. વડાપ્રધાન તરીકેના તેઓના ૧૨ વર્ષોના આ કાર્યકાળ દરમિયાન દેશે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેક્નોલોજી, ઊર્જા, ઉત્પાદન, રમતગમત અને સામાજિક સુધારણા જેવા અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્ય દેશની આ વિકાસયાત્રામાં અગ્રેસર રહીને વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે પ્રતિબદ્ધ છે. ગુજરાત આજે માત્ર ઔદ્યોગિક રાજ્ય તરીકે જ નહીં, પરંતુ નવીનતા, હરિત ઊર્જા, સેમિકન્ડક્ટર ઉત્પાદન, વૈશ્વિક રોકાણો અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કેન્દ્ર બનીને ઉભર્યું છે. ગત ૧૨ વર્ષોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કેન્દ્રીય નેતૃત્વ હેઠળ ગુજરાતે વિકાસ, નવીનતા અને પ્રગતિનું એક અનોખું મોડેલ ઉભું કર્યું છે, જે આજે સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ બન્યું છે.

વડાપ્રધાન તરીકે કાર્યભાર સંભાળ્યાના માત્ર ૧૭ દિવસમાં નરેન્દ્ર મોદીએ સરદાર સરોવર ડેમ પર દરવાજા લગાવવાની મંજૂરી આપીને ગુજરાતના કરોડો લોકોનું વર્ષો જૂનું સ્વપ્ન સાકાર કર્યું છે. આજે સરદાર સરોવર ડેમ તેની સંપૂર્ણ જળસપાટીએ પહોંચીને છલકાય છે. ભારત સરકારના સ્માર્ટ સિટી મિશન હેઠળ ગુજરાતના ૬ શહેરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદનો અભૂતપૂર્વ વિકાસ થયો છે.

ગુજરાતના અમદાવાદ શહેર અને મહારાષ્ટ્રના મુંબઈ શહેરને ઝડપી ગતિથી કનેક્ટ કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતની જનતાને બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ભેટ આપી છે. આ ઉપરાંત, જામનગર ખાતે ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન, રાજકોટમાં હીરાસર ખાતે પ્રથમ ગ્રીનફિલ્ડ એરપોર્ટ, અદ્યતન સુવિધાઓ ધરાવતી રાજકોટ એઈમ્સ હોસ્પિટલ, નવસારી ખાતે પીએમ મિત્ર પાર્ક, ભરૂચ ખાતે બલ્ક ડ્રગ પાર્ક, કચ્છના ખાવડા ખાતે વિશ્વનો સૌથી મોટો હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક, દાહોદ ખાતે ઈલેક્ટ્રિક લોકોમોટિવ એન્જિન ઉત્પાદન એકમ, વડોદરા ખાતે ટાટા ફેસિલિટી સી-૨૯૫ એરક્રાફ્ટનું ઉત્પાદન કરવા માટે ટાટા એરક્રાફ્ટ કોમ્પ્લેક્સ, ભાવનગર ખાતે વિશ્વનું પ્રથમ સીએનજી ટર્મિનલ પોર્ટ, દ્વારકા અને બેટ દ્વારકાને જોડતો અત્યાધુનિક સિગ્નેચર બ્રિજ સુદર્શન સેતુ, સાણંદ ખાતે માઈક્રોન સેમિકન્ડક્ટર ફેસિલિટી તેમજ 'કેઈન્સ સેમિકોન' ઘજ્અઝ પ્લાન્ટનો શુભારંભ વગેરે જેવા પ્રોજેક્ટ્સની ગુજરાતને ભેટ મળી છે. ગુજરાત આજે ભારતના સેમિકન્ડક્ટર હબ તરીકે ઉભરી રહ્યું છે.

તેમના સુદૃઢ નેતૃત્વ હેઠળ ગુજરાતમાં રેલવે કનેક્ટિવિટી પણ મજબૂત બની છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ઉપરાંત, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યૂ ઑફ યુનિટી સુધી પ્રવાસીઓ સરળતાથી પહોંચી શકે તે માટે કેવડિયા સુધીની રેલવે કનેક્ટિવિટી પ્રદાન કરી છે. આજે ભારતીય રેલવેની ૮ ટ્રેનો કેવડિયા સુધીના રૂટ પર દોડી રહી છે. સપ્ટેમ્બર, ૨૦૨૨ માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતને પ્રથમ વંદે ભારત ટ્રેનની ભેટ આપી હતી.

અત્યારે ગુજરાતમાં પાંચ વંદે ભારત સેમી હાઈસ્પીડ ટ્રેન દોડી રહી છે. તે સિવાય ભુજ અને અમદાવાદ વચ્ચે નમો ભારત રેપિડ રેલની ભેટ પણ મળી છે. વડાપ્રધાનએ ગુજરાતમાં અમદાવાદ મેટ્રો અને સુરત મેટ્રો પ્રોજેક્ટની ભેટ આપી છે. આજે અમદાવાદ અને ગાંધીનગરમાં સફળતાપૂર્વક મેટ્રો રેલ દોડી રહી છે, જે નાગરિકોને સરળ પરિવહન સુવિધા પૂરી પાડી રહી છે.

ગુજરાત આજે માત્ર દેશના ઔદ્યોગિક રાજ્ય તરીકે જ નહીં, પરંતુ નવીનતા, હરિત ઊર્જા, સેમિકન્ડક્ટર ઉત્પાદન, વૈશ્વિક રોકાણો અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કેન્દ્ર બનીને ઉભર્યું છે. ગુજરાત ગ્રીન એનર્જી, મેન્યુફેક્ચરિંગ, લોજિસ્ટિક્સ, ફાઈનાન્સ અને ટેક્નોલોજી ક્ષેત્રે દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. ગત ૧૨ વર્ષોમાં વડાપ્રધાનના કેન્દ્રીય નેતૃત્વ હેઠળ ગુજરાતે વિકાસ, નવીનતા અને પ્રગતિનું એક અનોખું મોડેલ ઉભું કર્યું છે.

સોમનાથ મંદિર પર થયેલા પ્રથમ હુમલાના ૧૦૦૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક પ્રસંગે વડાપ્રધાને જાન્યુઆરી ૨૦૨૬માં સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી કરી હતી. સોમનાથ સ્વાભિમાન પર્વ દ્વારા માત્ર મંદિરના ઈતિહાસનું સ્મરણ જ કરવામાં આવ્યું નથી, પરંતુ રાષ્ટ્રના સ્વાભિમાન, સંઘર્ષ અને પુનરુત્થાનની ભાવનાને નવી પેઢી સુધી પહોંચાડવાનો પ્રયાસ થયો છે.

વડનગરમાં નિર્મિત ભારતનું પ્રથમ આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સિયલ મ્યુઝિયમ ભારતની પ્રાચીન નગર સંસ્કૃતિ, જ્ઞાન પરંપરા અને ઐતિહાસિક વૈભવને આધુનિક ટેક્નોલોજીના માધ્યમથી વિશ્વ સમક્ષ રજૂ કરી રહ્યું છે. જ્યારે લોથલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ ભારતના સમૃદ્ધ સામુદ્રિક વારસાને વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત કરનાર એક ઐતિહાસિક પ્રોજેક્ટ છે.

આમ, એક તરફ ગુજરાતમાં સેમિકન્ડક્ટર, બુલેટ ટ્રેન, ગિફ્ટ સિટી, ધોલેરા-જીઈછ જેવા પ્રોજેક્ટ્સ આકાર લઈ રહ્યા છે, તો સાથે જ રાજ્યના વારસા અને ઈતિહાસને પણ ગુજરાત ગૌરવપૂર્વક વિશ્વ સમક્ષ રજૂ કરી રહ્યું છે.



સેવા, સુશાન અને ગરીબ કલ્યાણના રહ્યાં છે. આ સમયગાળો માત્ર તેઓના કાર્યકાળ તરીકે જ નહીં, પરંતુ ભારતના આત્મવિશ્વાસ, સુશાસન, વિકાસ અને વૈશ્વિક પ્રતિષ્ઠાના નવા અધ્યાય તરીકે ઓળખાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતને ફરી 'વિશ્વ ગુરૂ' બનાવવાના લક્ષ્ય સાથે અવિરત પ્રયાસો કરી રહ્યા છે. તેમના નેતૃત્વમાં 'વિકસિત ભારતના રોડમેપ સાથે ૨૦૪૭માં સ્વતંત્રતાની શતાબ્દી સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો સંકલ્પ ભારત જરૂર પૂર્ણ કરશે.

# DGPનો ચાર્જ સંભાળતા મલિક






**'ગાર્ડ ઓફ ઓનર'થી સન્માનિત; નવા કમિશનરની નિમણૂક ન થાય ત્યાં સુધી અમદાવાદ ઈંડ નો વધારાનો ચાર્જ પણ યથાવત રહેશે**

ગાંધીનગર, તા.૮

રાજ્યના નવનિયુક્ત પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) તરીકે સિનિયર આઈપીએસ (ઈંડ્જ) અધિકારી જ્ઞાનેન્દ્ર સિંહ મલિકે (જી.એસ. મલિક) આજે ગાંધીનગર સ્થિત પોલીસ ભવન ખાતે વિધિવત રીતે પોતાનો પદભાર સંભાળી લીધો છે.

નવા પોલીસ વડાના આગમનને યાદગાર બનાવવા માટે પોલીસ ભવન કચેરીના પ્રાંગણમાં ખાસ આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં ગુજરાત પોલીસની વિશેષ ટુકડી દ્વારા નવા ડીજીપી જી.એસ. મલિકને પરંપરાગત શૈલીમાં અને પૂરા સન્માન સાથે 'ગાર્ડ ઓફ ઓનર' આપવામાં આવ્યું હતું અને આ પ્રસંગે વિભાગના અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, જી.એસ. મલિક અત્યાર સુધી અમદાવાદ શહેરના પોલીસ કમિશનર તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા હતા, પરંતુ રાજ્ય સરકાર દ્વારા તેમની ઉત્કૃષ્ટ કામગીરી અને દીર્ઘ વહીવટી અનુભવને ધ્યાને રાખીને તેમને ગુજરાતના કાયમી પોલીસ વડા (ડીજીપી) તરીકેની મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

જ્યાં સુધી અમદાવાદમાં નવા પોલીસ કમિશનરની કાયમી નિમણૂક ન થાય, ત્યાં સુધી અમદાવાદ સીપી (સીપી) તરીકેનો એડિશનલ ચાર્જ પણ તેમની પાસે જ યથાવત રહેશે. તેમણે સત્તાવાર ચાર્જ સંભાળતા હવે રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

# કચ્છના ૬ રસ્તાઓ ફોરલેન બનાવવા ૬૨૯ કરોડ મંજૂર

## માળખાગત સુવિધાઓ વધવાથી ગ્રામીણ કનેક્ટિવિટી સુદ્રઢ બનશે

ગાંધીનગર, તા.૮

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના માળખાગત વિકાસને વધુ વેગવંતો બનાવવા અને ખાસ કરીને અતિ મહત્વના માર્ગોને ફોરલેન તરીકે વિકસાવવાનો જે નવતર અભિગમ અપનાવ્યો છે, તેના ભાગરૂપે કચ્છ જિલ્લાના વિકાસને નવી ઉડાન આપતો એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય અંતર્ગત મુખ્યમંત્રીએ કચ્છ જિલ્લાના કુલ ૬ જેટલા રસ્તાઓને ફોરલેન (ચાર માર્ગીય) બનાવવા માટે અધધ ૬૨૯ કરોડ રૂપિયાની માતબર રકમ મંજૂર કરી છે.



કચ્છના છેવાડાના ગ્રામીણ વિસ્તારોને સુદ્રઢ અને આધુનિક રોડ કનેક્ટિવિટી મળી રહે તેવી જનહિતકારી નેમ સાથે આ માર્ગોને પહોળા અને ચાર માર્ગીય કરવા માટે જે નાણાં ફાળવવામાં આવ્યા છે તેમાં મુખ્યત્વે મુન્દ્રા-લુણી-વડાલા રોડના ૪.૧ કિલોમીટર, વાઈડનીંગ અને ઈમ્પ્રુવમેન્ટ ઓફ દેશલપર-સીરચા રોડના ૫.૧ કિલોમીટર, મુન્દ્રા-ઝરપરા-કાંડગરા-ધ્રબ અને ઝરપરા ગામના બાયપાસ રોડના ૫.૫ કિલોમીટર, નાવીનલ ગામના બાયપાસ રોડના ૩.૩ કિલોમીટર, મોટા કાંડગરા ગામના ૪.૫ કિલોમીટર અને મુન્દ્રા-ઝરપરા-કાંડગરા રોડ (ચેનેજ ૧૯થી ૩૯) ના કુલ ૨૦ કિલોમીટરના વિસ્તૃત માર્ગનો સમાવેશ થાય છે. આ તમામ રસ્તાઓનું એકસાથે ફોરલેનમાં રૂપાંતર થવાના પરિણામે સ્થાનિક ગ્રામજનો અને આસપાસના રહીશોની દૈનિક મુસાફરી અત્યંત સરળ, સુવિધાયુક્ત અને સમય બચાવનારી બની રહેશે. એટલું જ નહિ, પરંતુ આ પ્રોજેક્ટ હેઠળ નિર્માણ પામનારા નવા બાયપાસ માર્ગોને કારણે મુન્દ્રા પોર્ટ અને તેની આસપાસ ધમધમતા નાના-મોટા ઔદ્યોગિક તેમજ કોમર્શિયલ વિસ્તારોમાં માલસામાનની હેરફેર માટે અવર-જવર કરતા ભારે વાહનો હવેથી ગામની ભીડભાડથી દૂર રહીને અત્યંત ઝડપથી, સરળતાથી અને સંપૂર્ણ સુરક્ષિત રીતે માલ પરિવહન કરી શકશે, જેનાથી ટ્રાફિક અને અકસ્માતની સમસ્યામાં પણ મોટો ઘટાડો નોંધાશે. ભૌગોલિક રીતે રાજ્યના સૌથી મોટા એવા કચ્છ જિલ્લામાં આ ઉચ્ચ ગુણવત્તાયુક્ત માર્ગોનો વિકાસ થતાં આગામી સમયમાં રોકાણો વધશે, પ્રવાસન ક્ષેત્રને પણ એક નવું બળ મળશે અને માળખાગત સુવિધાઓના નિર્માણથી સ્થાનિક લોકોના જીવનધોરણ એટલે કે 'ઈઝ ઓફ લિવિંગ'માં પણ નોંધપાત્ર અને સકારાત્મક સુધારો જોવા મળે.

**રાંદરડા તળાવમાંથી યુવાનની લાશ મળ્યાનો બનાવ હત્યાનો નહિ, ત્રાસને કારણે આત્મહત્યાનો નીકળ્યો**

# પત્નીના આડા સંબંધો-ધમકીથી વિપુલ રાઠોડે જીવ દીધો'તો

## મૃતકના સાસુએ મૃતકની બહેનને ફોન પર કહ્યું- 'મારો ભાણેજ તારા ભાઈને મારવા દોડ્યો ને એ તળાવમાં કૂદી ગયોઃ આજીડેમ પોલીસે આપઘાતની દુષપ્રેરણાનો ગુનો નોંધ્યો



રાજકોટ,તા.૮

શહેરમાં ઘરકંકાસ, પત્નીની બેવફાઈ અને અન્ય યુવકના ત્રાસથી કંટાળીને એક આશાસ્પદ યુવાને આત્મહત્યા કરી લીધી હોવાની ચકચારી ઘટના સામે આવી છે. રાજકોટના યુવરાજનગર વિસ્તારમાં રહેતા અને છૂટક મજૂરી કામ કરતા ૨૬ વર્ષીય વિપુલ ભરતભાઈ રાઠોડ નામના યુવાનની રાંદરડા તળાવમાંથી લાશ મળતા હત્યાનો આક્ષેપ થયો હતો. તપાસમાં બનાવ આત્મહત્યાની હોવાનું ખુલ્યું છે. પત્નીના તેણીના માસીના દીકરા સાથેના આડા સંબંધો અને ત્યારબાદ પતિને જાનથી મારી નાખવા માટે લોખંડની ટોમી લઈને દોડાવવામાં આવતા પતિ વિપુલ એટલી હદે ડરી ગયો હતો કે તેણે મોતનો માર્ગ પસંદ કર્યો. આ ગંભીર મામલે મૃતકની માતા રંજનબેન રાઠોડે આજીડેમ પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

પોલીસ ફરિયાદની વિગતો અનુસાર, રાજકોટના યુવરાજનગર શેરી નંબર-૩, રમાપીરના મંદિર પાસે રહેતા રંજનબેન ભરતભાઈ રાઠોડના મોટા દીકરા વિપુલના લગ્ન આશરે છ વર્ષ પહેલાં સુરેશભાઈ સવજીભાઈ રોજસરાની દીકરી પાયલ સાથે થયા હતા. આ લગ્નજીવનથી તેઓને પાંચ વર્ષની દીકરી જેનીશા અને ત્રણ વર્ષનો દીકરો હેતાંશ છે. લગ્ન બાદ વિપુલને જાણ થઈ હતી કે પાયલને અગાઉ બબલુ રઘુભાઈ દેવીપૂજક સાથે પ્રેમસંબંધ હતો, જેના કારણે ઘરમાં વારંવાર ઝઘડા થતા હતા. આ કલેશથી કંટાળી પાયલ છેલ્લા દોઢ વર્ષથી રિસાઈને પિયર જતી રહી હતી. પાયલ પિયર ગયા બાદ વિપુલને વધુ એક મોટો આઘાત લાગ્યો હતો. પાયલને તેના જ કુટુંબી માસીના દીકરા કિશન ટપુભાઈ સોલંકી (રહે. સાગરનગર શેરી નં. ૫, રાજકોટ) સાથે અનૈતિક સંબંધો હોવાની વિપુલને પાકી જાણ થઈ હતી. આ બાબતે એકાદ મહિના પહેલાં વિપુલ અને કિશન વચ્ચે ભારે બોલાચાલી અને ઝઘડો પણ થયો હતો.

ગત તારીખ ૦૬ના રોજ સવારે સાતેક વાગ્યે વિપુલ ઘરમાંથી 'ફાકી ખાવા જાઉં છું' તેમ કહીને નીકળ્યો હતો. સવારે નવેક વાગ્યે વિપુલ તેની બહેન-બનેવીના ઘર નજીક ગીધર બાપાના ડેલા પાસે આરોપી કિશન સોલંકી સાથે તેની રિક્ષામાં બેઠેલો જોવા મળ્યો હતો.

ત્યારબાદ સાંજ સુધી વિપુલ ઘરે ન પરત ફરતા પરિવાર ચિંતામાં હતો, ત્યાં જ સાંજે સાડા સાત વાગ્યે વિપુલના સાસુ કૈલાશબેને વિપુલના નાના ભાઈ રવિના મોબાઈલ પર ફોન કર્યો હતો. સાસુએ ફોન પર ગભરાતા અવાજે જણાવ્યું કે, ''વિપુલ અને કિશન વચ્ચે ઝઘડો થયો છે. કિશન લોખંડની ટોમી પાઈપ લઈને વિપુલને મારવા દોડ્યો હતો, જેથી વિપુલ ડરીને ભાગ્યો છે અને તેણે રાંદેરડા તળાવમાં કૂદી માર્યું છે.''

આ સાંભળી વિપુલનો પરિવાર તાત્કાલિક સાગરનગર અને રાંદેરડા તળાવ બાજુ દોડ્યો હતો. તળાવના બેટ દ્વારકા પાસે વિપુલના ચંપલ પડેલા જોવા મળ્યા હતા. ઘટનાસ્થળે ફાયર વિભાગની ટીમ પણ હાજર થઈ હતી અને તળાવના પાણીમાં વિપુલની શોધખોળ શરૂ કરી હતી. જોકે, અંધારું થઈ જતાં રાત્રે લાશ મળી નહોતી.

બીજા દિવસે એટલે કે તારીખ ૦૭/૦૬/૨૦૨૬ ના રોજ સવારે ફરી મહાનગરપાલિકાના ફાયર ફાઈટરોએ તપાસ હાથ ધરતા આશરે સાડા દશ વાગ્યે વિપુલની લાશ પાણીમાંથી મળી આવી હતી. પોલીસે લાશનું પંચનામું કરી રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ફોરેન્સિક પીએમ કરાવ્યું હતું, જ્યાં ડોક્ટરે તેનું મોત પાણીમાં ડૂબી જવાને કારણે જ થયું હોવાની પુષ્ટિ કરી હતી.

પુત્રની અંતિમ વિધિ અને ધાર્મિક વિધિઓ પૂર્ણ કર્યા બાદ, માતા રંજનબેન રાઠોડે આજીડેમ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર રીતે આરોપી કિશન ટપુભાઈ સોલંકી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં આક્ષેપ કરાયો છે કે કિશને પોતાની પત્ની સાથે અનૈતિક સંબંધો રાખી વિપુલને પાઈપ લઈને મારવા દોડાવી આત્મહત્યા કરવા માટે મજબૂર કર્યો છે. આજીડેમ પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.એમ.સાખરાએ ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# સિગ્નલ પરના 'સ્ટોપ'થી રાહદારી પર ગંભીર અસર

## શહેરોના ૧૩૦૦ થી વધુ વાહનચાલકો પર મનોવિજ્ઞાન ભવનના વિદ્યાર્થીઓએ હાથ ધર્યું સર્વેક્ષણ

રાજકોટ, તા..૮

શહેરોમાં ટ્રાફિક સિગ્નલ પરના પ્રતીક્ષા સમય અને વાહનચાલકોની બેદરકારીની તેમના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર થતી ગંભીર અસરોને ઉજાગર કરે છે. આ અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના વિદ્યાર્થીઓ દ્વારા. શહેરોના ૧૩૦૦ થી વધુ વાહનચાલકો પર સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું, જે દર્શાવે છે કે બદલાતી જીવનશૈલી વચ્ચે રસ્તાઓ પર વધતી અધીરાઈ માનવ સ્વાસ્થ્ય માટે 'ધીમું ઝેર' સાબિત થઈ રહી છે.

સંશોધનમાં વાહનચાલકોને પૂછવામાં આવ્યું કે સિગ્નલ પર ૩૦ સેકન્ડથી વધુનો વેઈટિંગ ટાઈમ હોય ત્યારે તમારી માનસિક સ્થિતિ કેવી હોય છે, ત્યારે ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા હતા. આ સ્થિતિમાં ૬૫% લોકોએ સ્વીકાર્યું કે તેઓ તીવ્ર અધીરાઈ અનુભવે છે અને વારંવાર ઘડિયાળ કે સિગ્નલના ટાઈમર સામે જુએ છે. આ ઉપરાંત, સમયસર ન પહોંચવાના ડરથી ૨૨% લોકોમાં હૃદયના ધબકારા વધવા અને પરસેવો વળવા જેવા ચિહ્નો જોવા મળ્યા હતા, જ્યારે માત્ર ૧૩% લોકો જ આવી સ્થિતિમાં શાંત રહી શકતા હતા. કાઠિયાવાડી સ્વભાવની સહજતા ટ્રાફિક સિગ્નલ પર આવતા જ એક અજંપામાં બદલાઈ જતી આ આંકડાઓ પરથી સ્પષ્ટ જોઈ શકાય છે.

આ અધીરાઈની વચ્ચે જ્યારે સિગ્નલ પર તમારી પાછળનું વાહન ગ્રીન લાઈટ થતા પહેલાં જ સતત હોર્ન વગાડે, ત્યારે તમને કેવો અનુભવ થાય છે તેવા બીજા પ્રશ્નના જવાબમાં સૌરાષ્ટ્રના 'બિનજરૂરી હોર્ન કલ્ચર'ની વરવી વાસ્તવિકતા બહાર આવી હતી. ૭૪% વાહનચાલકોએ જણાવ્યું કે આનાથી તેમને તીવ્ર ગુસ્સો આવે છે અને ઘણીવાર તેઓ પાછળના ચાલક સાથે દલીલમાં ઉતરી પડે છે. જ્યારે ૧૮% લોકોએ એવું સ્વીકાર્યું કે અચાનક થતા આવા તીવ્ર અવાજથી તેમનું માથું દુખવા લાગે છે અથવા માનસિક સંતુલન બગડે છે, જે રસ્તા પર તાત્કાલિક અશાંતિ ઊભી કરે છે.



આ ગુસ્સો આગળ જતાં હિંસક સ્વરૂપ લે છે કે નહીં તે જાણવા માટે જ્યારે ત્રીજો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે શું તમે ટ્રાફિક જામ અથવા કોઈની ખોટી ઓવરટેક કરવાની આદતના કારણે ક્યારેય રસ્તા પર ઝઘડો કર્યો છે અથવા અપશબ્દો બોલ્યા છો, ત્યારે રોડ રેજની બાબતમાં મોટો જાતિગત તફાવત જોવા મળ્યો હતો. ૫૪% પુરુષ વાહનચાલકોએ સ્વીકાર્યું કે તેઓ અવારનવાર રોડ રેજનો ભોગ બને છે, ગુસ્સામાં બૂમો પાડે છે કે ઝઘડા પર ઉતરી આવે છે. તેનાથી વિપરીત, ૪૦% સ્ત્રી વાહનચાલકોએ જણાવ્યું કે આવી સ્થિતિમાં તેઓ ઝઘડવાને બદલે ભારે માનસિક તણાવ, ડર અને ચિંતાનો અનુભવ કરે છે, જે સાબિત કરે છે કે પુરુષોમાં અહમ અને ગુસ્સો રસ્તા પર વધુ પ્રગટ થાય છે.

ટ્રાફિકની આ નકારાત્મક અસરો માત્ર રસ્તા પૂરતી સીમિત નથી રહેતી, પરંતુ જ્યારે ચોથા પ્રશ્ન તરીકે પૂછવામાં આવ્યું કે લાંબા ટ્રાફિકમાંથી પસાર થઈને જ્યારે તમે ઘર કે ઓફિસે પહોંચો છો, ત્યારે તમારા કાર્ય અને સ્વભાવ પર શું અસર થાય છે, ત્યારે એ જાણવા મળ્યું કે ટ્રાફિકનો તણાવ ગંતવ્ય સ્થાન સુધી પીછો કરે છે. ૮૦% લોકોએ નોંધ્યું કે ગંતવ્ય સ્થાને પહોંચ્યા પછી પણ આગામી ૩૧ થી ૪૫ મિનિટ સુધી તેઓ માનસિક થાક અનુભવે છે અને નાના કામમાં પણ ચિડચિડાઈ જાય છે. વળી, ૬૨% લોકોની એકાગ્રતા અને નિર્ણય લેવાની ક્ષમતામાં ટ્રાફિકના માનસિક બોજને કારણે મોટો ઘટાડો થતો જોવા મળ્યો હતો, જે તેમની રોજિંદી કાર્યક્ષમતા અને કૌટુંબિક શાંતિને પણ હણે છે.

### સિગ્નલ પરના ઈંતજારથી નાગરિકોના શરીરમાં પ્રવેશે છે હઠીલા રોગો

મનોવિજ્ઞાન ભવન અને અન્ય સંશોધન ના મતે, આ રોજિંદો ટ્રાફિક માનવ શરીર પર ગંભીર શારીરિક અસરો છોડે છે. સિગ્નલ પરની અધીરાઈથી શરીરમાં 'ફાઈટ ઓર ફ્લાઈટ' રિસ્પોન્સ સક્રિય થાય છે અને એડ્રેનાલિન તથા કોર્ટિસોલ જેવા સ્ટ્રેસ હોર્મોન્સ મુક્ત થવાથી બ્લડ પ્રેશર તાત્કાલિક વધી જાય છે, જે લાંબા ગાળે ક્રોનિક હાઈપરટેન્શન બને છે. જર્નલ ઓફ ધ અમેરિકન હાર્ટ એસોસિએશન અને ધ લેન્સેટના અહેવાલો મુજબ, હવાનું પ્રદૂષણ અને માનસિક તણાવ ભેગા મળીને હૃદયની ધમનીઓ પર દબાણ લાવે છે; ટ્રાફિકમાં ડ્રાઈવરના હૃદયના ધબકારા સામાન્ય કરતાં ૧૫ થી ૨૦% વધી જાય છે જે હાર્ટ એટેકનું ટ્રિગર બની શકે છે. શારીરિક સ્તરે, સિગ્નલ પર વાહનો ચાલુ રાખવાની કુટેવના ધુમાડાથી અસ્થમા અને બ્રોન્કાઈટિસ જેવી શ્વસનતંત્રની બીમારીઓ થાય છે, તેમજ ડબલ્યુ.એચ.ઓ. (WHO) ના રિપોર્ટ અનુસાર લાંબા સમય સુધી ૮૫ ડેસિબલથી વધુ અવાજ વચ્ચે રહેવાથી સાંભળવાની ક્ષમતા નબળી પડે છે.

### ટ્રાફિકથી બચવા ૧૫ થી ૨૦ મિનિટ વહેલું નીકળવાની આદત જરૂરી

ટ્રાફિકની વિકટ પરિસ્થિતિમાંથી મુક્ત થવા વાહનચાલકોએ પૂર્વ આયોજન કરીને ટ્રાફિકના સમયથી ૧૫-૨૦ મિનિટ વહેલા નીકળવાની આદત પાડવી જોઈએ જેથી સમયનું માનસિક દબાણ ન રહે. વાહન ચલાવતી વખતે માનસિક શાંતિ જાળવવા માટે ઓડિયો થેરાપીનો ઉપયોગ કરી શકાય, જેમાં ગાડીમાં હળવું સંગીત, ભજન કે કોઈ ઉપયોગી પોડકાસ્ટ સાંભળીને મગજને શાંત રાખી શકાય છે.

# ગ્રાન્ટ મળશે તો જ અટલ સરોવર નજીક થશે લોકમેળો

### માંગવામાં આવેલી ગ્રાન્ટ હજુ સુધી મળી નથી આયોજન અંગે અવઢવ

રાજકોટ, તા. ૮

જિલ્લા વહીવટી વિભાગ દ્વારા જન્માષ્ટમી અંતર્ગત જે લોકમેળાનું આયોજન કરવામાં આવતું હોય છે તે મુખ્યત્વે રેસકોર્સમાં યોજાય છે. પરંતુ હાલ ટ્રાફિક વધુ હોવાના કારણે લોકોને ભારે હેરાનગતિનો સામનો પણ કરવો પડે છે ત્યારે આ વખતે વહીવટી તંત્ર દ્વારા નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ અટલ સરોવર નજીક લોકમેળો યોજવા માટે સરકાર પાસેથી ગ્રાન્ટ માંગવામાં આવી હોવાનું પણ હાલ સુત્રોએ જણાવ્યું હતું. મળતી માહિતી મુજબ હાલ આ અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી જેને લઈને અત્યારે ક્યાં લોક મેળાનું આયોજન થશે તે અંગે હજુ સુધી કંઈ નક્કી થયું નથી.

બીજી મહત્વની વાત એ છે કે જિલ્લા વહીવટી અધિકારી કલેકટરે પણ ખાસ એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરી જણાવ્યું હતું કે, જ્યાં સુધી સરકાર ગ્રાન્ટની ફાળવણી નહીં કરે ત્યાં સુધી નવ જગ્યા પર લોક મેળો યોજાશે નહીં. એટલે કહી શકાય કે હવે લોકમેળાનું આયોજન ગ્રાન્ટના આધારે અટક્યું હોય તેવું જણાઈ રહ્યું છે બાકી સરકાર જો ગ્રાન્ટની ફાળવણી નહીં કરે તો આગામી જન્માષ્ટમીમાં માં રેસકોર્સમાં જ યથાવત મેળાનું આયોજન કરાશે.

સૌરાષ્ટ્રના પાટનગર એવા રાજકોટમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત કરાતો જન્માષ્ટમીનો લોકમેળો આકર્ષણનું કેન્દ્ર બને છે. પ્રતિ વર્ષ આ ભાતીગળ લોકમેળો રેસકોર્સ ગ્રાઉન્ડમાં આયોજિત કરવામાં આવે છે. પરંતુ નાગરિકોની સલામતીને ધ્યાનમાં રાખીને આ ભાતીગળ લોકમેળાને નવા ૧૫૦ ફુટ રીંગ રોડ, ન્યુ રેસકોર્સમાં લઇ જવા માટે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે રજુઆત કરતા આ મામલે ન્યુ રેસકોર્સમાં ૨.૭૪ લાખ ચોરસ મીટર જમીન સમથળ અને લેવલીંગ કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જરૂરી દરખાસ્ત રાજય સરકારમાં અગાઉ કરી દેવામાં આવેલ છે.

આ અંગે જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશએ જણાવ્યું હતું કે લોકમેળાનું સ્થળ બદલવા માટે રાજય સરકાર દ્વારા હજુ સુધી કોઇપણ જાતની ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી.હવે જો સમયસર આ અંગેની ગ્રાન્ટ ફાળવાશે તો લોકમેળાને ન્યુ રેસકોર્સમાં લઇ જવા માટેની તૈયારી કરાશે. જો ગ્રાન્ટ નહીં ફાળવાય તો લોકમેળો રેસકોર્સમાં જ યોજાશે તેમ કલેકટર ડો. ઓમપ્રકાશે જણાવ્યું હતું.

### ફરિયાદ નિવારણ ૨૫ જુનના

# નાગરિકોએ ૧૦મી સુધીમાં પ્રશ્નો રજૂ કરવા આદેશ

રાજકોટ, તા. ૮

રાજ્ય સરકાર દ્વારા લોકોએ જિલ્લાકક્ષાના પ્રશ્નો માટે ઉચ્ચ કક્ષા (ગાંધીનગર) સુધી જવું ન પડે, તે માટે જિલ્લા કક્ષાએ ફરિયાદ નિવારણ દિવસનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત આગામી સ્વાગત કાર્યક્રમ તા. ૨૫ જુન, ૨૦૨૬ના રોજ યોજાશે. જે અન્વયે જિલ્લાકક્ષાના પ્રશ્નો તા. ૧૦ જુન, ૨૦૨૬ સુધીમાં સંબંધિત ખાતા-વિભાગોની જિલ્લાકક્ષાની કચેરીના વડાને પહોંચતા કરવાના રહેશે. અરજીમાં મથાળે 'જિલ્લા ફરિયાદ નિવારણ' કાર્યક્રમ લખવાનું રહેશે.

ઉલ્લેખનીય છે કે, મહેસુલી તંત્રને લગતા પ્રશ્નો (રાજકોટ જિલ્લા પૂરતા) જિલ્લા કલેકટર કચેરી, રાજકોટ ખાતે તા. ૧૦ જુન, ૨૦૨૬ સુધીમાં રજૂ કરવાનાં રહેશે. ત્યારબાદ આવેલા પ્રશ્નનો કાર્યક્રમમાં સમાવેશ કરાશે નહીં. તેમજ અસંદિગ્ધ અને અસ્પષ્ટ, નામ-સરનામા વગર, વ્યક્તિગત આક્ષેપો, અરજદારનું હિત સંકળાયેલું ન હોય તથા કોર્ટ મેટર, આંતરિક તકરાર, નોકરીને લગતી બાબતો, પેન્શન, રહેમરાહે નોકરી, પ્રથમ વખતની અરજી પર કોઈ કાર્યવાહી થઈ શકશે નહીં.

વધુમાં, મહેસુલી તંત્ર, જિલ્લા પંચાયત, પોલીસ વિભાગ, પી.જી.વી.સી.એલ., જી.એસ.આર. ટી.સી અને પાણી પુરવઠા બોર્ડના પ્રશ્નો તા. ૨૫ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે જિલ્લા કલેકટર કચેરી, રાજકોટ ખાતે ત્રીજા માળે સભાખંડમાં સંબંધિત ખાતાના અધિકારી અને કલેકટર શ્રી ડો. ઓમ પ્રકાશ સાંભળશે. અન્ય ખાતાનાં પ્રશ્નો હોય તો તે પ્રશ્નો જે તે ખાતાને જ મુદ્દત હરોળ રજૂ કરવાના રહેશે, તેમ જિલ્લા કલેક્ટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

# અધિક કલેક્ટર જયકુમાર બારોટ

### પ્રાંત અધિકારી ૨ અને ગ્રામ્ય પ્રાંતમાં પોસ્ટિંગ હજુ બાકીઃ પ્રાંત ૧ ચાંદની પરમાર લાંબી રજા પર ઉતરતા કામગીરી અધરતાલ

રાજકોટ, તા..૮

વહીવટી માળખામાં હાલ સરકાર દ્વારા ફેરફાર કરવામાં આવ્યો છે ત્યારે ૨૦૧૭ બેચના ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસના જયકુમાર બારોટે રાજકોટના એડિશનલ કલેક્ટર તરીકે પોતાની જવાબદારી સ્વીકારી લીધી છે. તેઓ રાજકોટના ૪૦ માં અધિક કલેક્ટર તરીકે નિયુક્ત થયા છે. અગાઉ જય કુમાર બારોટ અનેકવિધ જગ્યા પર પોતાની ફરજ બજાવી ચૂક્યા છે ત્યારે સૌરાષ્ટ્રના રાજકોટ ખાતે તેઓનું આ પ્રથમ પોસ્ટિંગ છે. ચાર્જ સંભાળતા ની સાથે જ અધિકારીએ જણાવ્યું હતું કે જે કામગીરી કરવામાં આવશે તે સંપૂર્ણ પારદર્શક રહેશે જેથી કોઈપણ પ્રકારની તકલીફનો સામનો અરજદારોએ ન કરવો પડે અને વહીવટી પાંખને અન્ય કોઈ પ્રશ્ન ન સતાવે. અગાઉ તેઓ ડેપ્યુટી કલેક્ટર



તરીકે પોતાની જવાબદારી સંભાળી હતી અને હાલ તેઓને પ્રમોશન મળતા જ રાજકોટ કલેક્ટર કચેરીમાં તેઓ અધિક કલેક્ટર તરીકે પદભાર સંભાળ્યો છે.

વહીવટી વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર રાજકોટની કલેક્ટર કચેરીમાં મહેસુલ અધિકારીઓનું પૂરતું મહેકમ ઉપલબ્ધ નથી જેમાં પ્રાંત અધિકારી મહેક જૈન ની બદલી થતાં તેમની જગ્યા પર હજુ કોઈ અધિકારીની નિમણૂક કરવામાં આવી નથી. અને તેઓની જગ્યા પણ ખાલી પડેલી છે. જ્યારે રાજકોટ રૂરલ પ્રાંત અધિકારી વિમલ ચક્રવર્તીની બઢતી સાથે બદલી કરવામાં આવી હતી અને તેમનું સ્થાન પણ હાલ ખાલી છે ઉપરાંત સીટી પ્રાંત અધિકારી ચાંદની પરમાર લાંબી રજા પર ઉતરી ગયા હોવાનું જાણવા મળ્યું છે જેથી જૂની કલેક્ટર કચેરી ખાતે પ્રાંત ૨ અને રાજકોટ ગ્રામ્ય પ્રાંતની જગ્યા ખાલી હોવાથી વહીવટી કામને ઘણી ખરી અસર પહોંચશે તેવી શક્યતા સેવાઈ રહી છે. કલેક્ટર કચેરીમાં અત્યાર સુધી એડીશ્નલ કલેક્ટરની જગ્યા ખાલી રખાતા ઈન્ચાર્જથી વહીવટનું ગાડુ ગબડાવાતું હતું. પરંતુ ગઈકાલે સવારના ઉઘડતી કચેરીએ રાજકોટના ૪૦માં અધિક કલેક્ટર તરીકે જયકુમાર બારોટએ સંભાળી લેતા વહીવટ હવે ગતિશીલ બનશે.

# શહેરીજનોને નિયમિત પીવાનું પાણી આપો

### મનપાના અધિકારીઓને તાકીદ : ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો તાકીદે નિકાલ કરવા આદેશ

રાજકોટ, તા. ૮

મહાનગરપાલિકા માટે હાલ ચોમાસામાં સૌથી મોટો અને સળગતો પ્રશ્ન હશે તો તે એ કે અત્યારે પાણી નિકાલને લઈને જે સમસ્યાનો સામનો લોકો કરી રહ્યા છે તેનાથી હેરાનગતિ લોકોને ન પડે તે માટે યોગ્ય વ્યવસ્થા ઉભી કરાય તે ખૂબ જરૂરી છે. આ બાબતે નવનિયુક્ત પદ અધિકારીઓ દ્વારા સંબંધિત વિભાગના અધિકારીઓને પણ સૂચિત કરી યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા જણાવ્યું છે ત્યારે ગઈકાલે ખાસ નગરસેવકો સાથે બેઠક પણ મળી હતી અને વિભાગના ટોચના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. જેમાં ચર્ચા કરવામાં આવી કે ઘણા ખરા વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળતું નથી ત્યારે યોગ્ય વ્યવસ્થા ઉભી કરી ૨૦ મિનિટ પાણી મળે તે ખૂબ જરૂરી છે અને દૂષિત પાણી આવતું હોવાની ફરિયાદનો તાત્કાલિક નિવારણ લાવવામાં આવે તે પણ એટલું જ જરૂરી છે.

મોટા ભાગના કોર્પોરેટરોએ પુરતુ અને શુધ્ધ પાણી આપવા વાત પહોંચાડી હતી, તો સંતોષકારક નાગરિક સેવાઓ પૂરી પાડવા પદાધિકારીઓ આવી બેઠક સાથે મોનીટરીંગ કરતા રહેશે તેવું મેયર ડો.નેહલ શુકલએ જણાવ્યું હતું. મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને વધુ સારી અને સમયબદ્ધ નાગરિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે હેતુથી મહત્વની બેઠક યોજાઇ હતી.

બેઠક દરમિયાન શહેરમાં પીવાના પાણીના વિતરણ વ્યવસ્થાની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. દરેક વોર્ડમાં શહેરીજનોને નિયમિત અને પૂરતા દબાણ સાથે દરરોજ ૨૦ મિનિટ સુધી પાણીનું વિતરણ સુનિશ્ચિત થાય તે માટે અધિકારીઓને જરૂરી આયોજન કરવા અને સતત મોનિટરિંગ રાખવા સૂચનાઓ



આપવામાં આવી હતી.આ ઉપરાંત શહેરીજનોને ચોખ્ખું પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે માટે પાણી પુરવઠા વ્યવસ્થાની નિયમિત તપાસ, પાઈપલાઇન મેઇન્ટેનન્સ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા અને વોર્ડ વિસ્તારમાં પાણી વિતરણમાં જરૂરી તકેદારી રાખવા અંગે વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. પાણીની ગુણવત્તા સંબંધિત કોઈ પણ પ્રકારની ફરિયાદોને તાત્કાલિક ધોરણે નિવારવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી હતી.બેઠકમાં ઉપસ્થિત કોર્પોરેટરોએ પોતાના વોર્ડની પાણી પુરવઠા વિષયક જરૂરિયાતો અંગે શહેરીજનોની રજૂઆતો સહિત સૂચનો રજૂ કર્યા હતા. આ સૂચનોને ધ્યાનમાં રાખીને વિભાગોને જરૂરી કાર્યવાહી કરવા અને વિવિધ સેવાઓમાં વધુ સુધારો લાવવા માટે આયોજન કરવામાં આવ્યું હતું. નાગરિકોને વધુ ગુણવત્તાસભર, પારદર્શક અને કાર્યક્ષમ નાગરિક સેવાઓ પૂરી પાડવા માટે પદાધિકારીઓ દ્વારા સમયાંતરે આ પ્રકારે સમીક્ષા બેઠકો યોજી વિવિધ વિકાસલક્ષી અને જાહેર સુવિધાઓ સંબંધિત કામગીરીનું સતત મોનિટરિંગ કરવામાં આવશે તેમ જાહેર કરાયું હતું. આ બેઠકમાં મેયર ડો. નેહલ શુક્લ, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, ડે. મેયર દક્ષાબેન વસાણી, સ્ટે.ચેરમેન પરેશભાઈ પીપળીયા, શાસક પક્ષના નેતા ડો. હિરેનભાઈ ખીમાણિયા તથા દંડક સંજયસિંહ રાણા, તમામ વોર્ડના કોર્પોરેટરો, તમામ સિટી એન્જિનિયરો અને ટેકનિકલ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ટાઈમપાસ

## અંધશ્રદ્ધા અને બૌધિક્તાનો વિવાદ સદીઓથી ચાલે છે,ચાલતો રહેશે



રાજકોટમાં બાબા બાગેશ્વર ધામના દરબારમાં પ્રેત પ્રગટે, ધૂણે અને મારામારી કરે તે બાબત ચર્ચાસ્પદ બની છે. આજના આધુનિક વિજ્ઞાનના યુગમાં આ બધું અજીબ લાગે છે.

પરંતુ આવી બાબતોમાં કંઈ નવું નથી. આપણા દેશમાં અનેક ધાર્મિક કાર્યક્રમોમાં ધૂણવું અને પ્રેત કે માતાજીનું આવવું સામાન્ય ગણાય છે. આવા દેશી અને પરંપરાગત કાર્યક્રમો શેરીઓમાં લગભગ દરરોજ યોજાતા હોય છે.

બાબા બાગેશ્વરે માત્ર આ જૂની પરંપરાને એક મોટું, ભવ્ય અને ઝગમગાટભર્યું નવું સ્ટેજ આપ્યું છે. આ સિવાય આ સમગ્ર ઘટનામાં કંઈ નવું ન હતું.

શ્રદ્ધા અને અંધશ્રદ્ધા અંગેના વિવાદો ભૂતકાળમાં પણ ખૂબ મોટા પાયે થયા છે. આ લાંબા વિવાદો પછી પણ કોઈ પ્રકારનો કાયમી નિવેડો આવ્યો નથી. આ વિષય સમાજ માટે માત્ર એક ટાઈમપાસ જેવો બની રહ્યો છે.

આદિ શંકરાચાર્યજીએ સદીઓ પહેલાં આ ગંભીર બાબતે સ્પષ્ટ કહ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, જે બાબત પ્રત્યક્ષ પ્રમાણ કે બુદ્ધિની કસોટી પર ખરી ન ઉતરે તેને ધર્મ ન ગણવો જોઈએ.

આનાથી તદ્દન વિપરીત ભક્તિ માર્ગની પોતાની અલગ માન્યતા છે. ભક્તિ માર્ગ કહે છે કે જ્યાં બુદ્ધિની હદ પૂરી થાય છે, ત્યાંથી જ સાચી શ્રદ્ધાનો પ્રારંભ થાય છે. સાચી વાત એ છે કે દરેક વ્યક્તિની શ્રદ્ધા સંપૂર્ણ અલગ હોય છે.

બૌદ્ધિકતાની માન્યતા અને તેના અંગત અનુભવો પણ તદ્દન વ્યક્તિગત હોય છે. પોતાને બૌદ્ધિક માનતા લોકો ધર્મને બદલે અન્ય કોઈ સામાજિક કે આર્થિક જગ્યાએ મૂરખ બનતા જ હોય છે.

આ બધું દુનિયામાં હંમેશાં ચાલતું આવ્યું છે. આ અર્થહીન વિવાદો ભવિષ્યમાં પણ ચાલતા જ રહેશે. આવા વિવાદો માત્ર ટાઈમપાસ અને સસ્તી પ્રસિદ્ધિ મેળવવાના ખેલ સમાન હોય છે. કેટલીકવાર આ ખેલ કોઈ ચોક્કસ વ્યક્તિને સમાજમાં પાડી દેવા માટે કે અહમ પોષવા પણ રમાય છે.

જે લોકોને આવી બાબતોમાં શ્રદ્ધા હોય તે ખુશીથી માને. જેમને શ્રદ્ધા ન હોય તે આવી બાબતોને ન માને. આનાથી શ્રેષ્ઠ ઉકેલ હાલના સમયમાં બીજો કોઈ હોઈ શકે નહીં.

વૈજ્ઞાનિક અભિગમ અને વ્યક્તિગત આસ્થા વચ્ચે યોગ્ય સંતુલન રાખવું જ હિતાવહ છે. વિવાદો કરવાથી સત્ય ક્યારેય બદલાવાનું નથી. દરેક વ્યક્તિ પોતાની સમજણ મુજબ જીવવા સ્વતંત્ર છે. વિજ્ઞાન પોતાની જગ્યાએ સાચું છે અને આસ્થા પોતાની જગ્યાએ અડગ છે. આ વિવાદ ક્યારેય સમાપ્ત થશે નહીં.

# સોનિયા- રાહુલ ગાંધી INDIA ગઠબંધનની બેઠકમાં હાજર

## મોદી સરકારના કુશાસન, રાજકીય, આર્થિક, સામાજિક અને વિદેશ નીતિ સંબંધિત પડકારો અંગે ચર્ચા

રાજકોટ, તા. ૮

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી બાદ, સોમવારે દિલ્હીમાં વિપક્ષી પાર્ટીઓ એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરી રહી છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ)નો સામનો કરવા અને એક થઈને આગળ વધવાની રણનીતિઓ પર ચર્ચા કરવા માટે વિપક્ષી ઓલ ઈન્ડિયા એલાયન્સના ઘટક નેતાઓ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે. સોનિયા ગાંધી અને અખિલેશ યાદવ સહિત અનેક અગ્રણી નેતાઓએ બેઠકમાં હાજરી આપી હતી. જોકે, બેઠક પહેલા, દિલ્હીભરમાં રાહુલ ગાંધીને લક્ષ્ય બનાવતા અનેક પોસ્ટરો લગાવવામાં આવ્યા હતા, જેમાં વિપક્ષી નેતાઓ ગઠબંધનના નેતાઓ પર હુમલો કરતા દર્શાવવામાં આવ્યા હતા. આ મહત્વપૂર્ણ બેઠક રાજધાનીના કોન્સ્ટિટ્યુશન ક્લબમાં યોજાઈ હતી. કોંગ્રેસ સંસદીય પક્ષના વડા સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પાર્ટી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પણ બેઠકમાં હાજરી આપી હતી.



કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ બેઠકનો પ્રારંભિક કાર્યસૂચિ રજૂ કરતા કહ્યું કે મોદી સરકારના કુશાસનને કારણે દેશ સામે આવી રહેલા રાજકીય, આર્થિક, સામાજિક અને વિદેશ નીતિના પડકારોનો સામનો કરવા માટે આપણે એ જ ભાવનાથી આગળ વધવું જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જીઈછએ લાખો લોકોને મતદાનના અધિકારથી વંચિત રાખ્યા છે અને રાજકીય વિરોધીઓ સામે તપાસ એજન્સીઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.તેમણે એમ પણ કહ્યું કે બંધારણ પર હુમલો થઈ રહ્યો છે. બિન-ભાજપ શાસિત રાજ્યો સાથે ભેદભાવ કરવામાં આવી રહ્યો છે. આવશ્યક ચીજવસ્તુઓના ભાવ સતત વધી રહ્યા છે. દેશનું આર્થિક વાતાવરણ અત્યંત નકારાત્મક બન્યું છે. નવી નોકરીઓનું સર્જન થઈ રહ્યું નથી, અને નવા રોકાણો પણ ઘટી રહ્યા છે. પરીક્ષા પ્રણાલીના ગેરવહીવટ લાખો યુવાનોની આશાઓ પર પાણી ફેરવી રહ્યા છે. ભાજપ શાસિત રાજ્યોમાં સમાજના નબળા વર્ગો પર અત્યાચાર થઈ રહ્યો છે. તૃણમૂલ કોંગ્રેસના મમતા બેનર્જી અને અભિષેક બેનર્જી, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ, રાષ્ટ્રીય જનતા દળ (છઁઉ) ના તેજસ્વી યાદવ અને શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ) ના ઉદ્ધવ ઠાકરે સહિત ૨૩ વિપક્ષી પક્ષોના ટોચના નેતાઓએ પણ બેઠકમાં હાજરી આપી હતી. અન્ય નેતાઓમાં સુપ્રિયા સુલે (ગઈઙ-જી), ઓમર અબ્દુલ્લા (ગઈ), મહેબૂબા મુફ્તી (ઙઉઙ) અને અન્યનો સમાવેશ થાય છે.

બેઠકમાં હાજરી આપતા પહેલા સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે કહ્યું, અમે ત્યાં પહોંચ્યા પછી જ બેઠકનો એજન્ડા નક્કી થઈ શકે છે, પરંતુ પબંધુ રાજથ સ્થાપિત થવો જોઈએ, અને તે માટે અમે પ્રયત્નશીલ રહીશું.સ્ત્રસ્ત્ર તેમણે ઉમેર્યું, નસ્ત્રતમે જોઈ શકો છો કે ઉત્તર પ્રદેશમાં શું થઈ રહ્યું છે. હવે મહિલાઓ પણ તેમનાથી ગુસ્સે છે. એટલા માટે લોકશાહીના મૂલ્યોનું રક્ષણ કરવું મહત્વપૂર્ણ છે.

# સશક્તિકરણ તરફ સામૂહિક પ્રયાસો

## ગરીબ કલ્યાણ યોજનાના ૧૨ વર્ષ પૂર્ણ થવા પર પીએમ મોદીનું દેશને સંબોધન

નવીદિલ્હી, તા. ૮

સોમવારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (ઙખત્રઙઊંઢ) ની ૧૨મી વર્ષગાંઠ નિમિત્તે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની સરકારની વિવિધ યોજનાઓના લાભો અને તેમના સામાન્ય લોકો સુધી પહોંચવા પર ભાર મૂક્યો. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પડથ પર એક પોસ્ટમાં, પીએમ મોદીએ અંત્યોદય યોજના, સ્વચ્છ ભારત મિશન, પીએમ આવાસ યોજના, જળ જીવન મિશન, આયુષ્માન ભારત અને અન્ય પહેલોની મુખ્ય સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો, અને કહ્યું કે આ બધી યોજનાઓ શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને ગૌરવ અને તક પૂરી પાડવાનો હતો.પીએમ મોદીએ કહ્યું, નસ્ત્રછેલ્લા ૧૨ વર્ષોમાં ભારતમાં નોંધપાત્ર ફેરફારો થયા છે, અને ગરીબો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોનું કલ્યાણ આ ફેરફારોના મૂળમાં રહ્યું છે. અમે હંમેશા પઅંત્યોદયથ (પઅંત્યોદયથનો આદર્શ) થી પ્રેરિત રહ્યા છીએ, અને અમારો સતત પ્રયાસ એ સુનિશ્ચિત કરવાનો રહ્યો છે કે વિકાસના લાભો દાયકાઓથી પાછળ રહી ગયેલા લોકો સુધી પહોંચે. જન ધન ખાતાઓ અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરથી લઈને સ્વચ્છ ભારત, પીએમ આવાસ યોજના, જલ જીવન મિશન, આયુષ્માન ભારત અને અન્ય યોજનાઓ સુધી, દરેક પહેલનો ઉદ્દેશ્ય લોકોને ગૌરવ અને તક પૂરી પાડવાનો છે.તેમણે ટેકનોલોજીની ભૂમિકા પર પણ ભાર મૂક્યો, જેણે ગરીબો માટે સરકારી યોજનાઓ હેઠળ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના અમલીકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે જણાવ્યું હતું કે આનાથી લીકેજમાં ઘટાડો થયો છે, કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો થયો છે અને સરકારમાં વિશ્વાસ મજબૂત થયો છે.પીએમ મોદીએ પોસ્ટ કરી, નસ્ત્રએ પણ ખુશીની વાત છે કે ગરીબોના જીવનની ગુણવત્તા સુધારવામાં ટેકનોલોજીએ મુખ્ય ભૂમિકા ભજવી છે. ડીબીટી અને ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા, સહાય સીધી અને પારદર્શક રીતે લોકો સુધી પહોંચી રહી છે. આનાથી લીકેજમાં ઘટાડો થયો છે, કાર્યક્ષમતામાં વધારો થયો છે અને શાસનમાં વિશ્વાસ મજબૂત થયો છે. આમ, ગરીબ કલ્યાણના ક્ષેત્રમાં આગળની સફર માનવ સશક્તિકરણ અને પવિકસિત ભારતથ ના આપણા સ્વપનને સાકાર કરવા તરફ એક સામૂહિક ચળવળ બની ગઈ છે.સ્ત્રસ્ત્રપ્રેસ ઈન્ફર્મેશન બ્યુરો (ઙીઈ) અનુસાર, દેશમાં ગ્રામીણ ગરીબી ૨૦૧૨ માં ૨૬% થી ઘટીને ૨૦૨૪ સુધીમાં ૫% થી ઓછી થવાનો અંદાજ છે. માત્ર એક દાયકામાં, લાખો ગ્રામીણ પરિવારોને ગરીબીમાંથી બહાર કાઢવામાં આવ્યા છે, જે તાજેતરના વર્ષોમાં સૌથી મહત્વપૂર્ણ સામાજિક પરિવર્તનોમાંનું એક છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર એ હાલની ડિલિવરી પ્રક્રિયાઓને ફરીથી ડિઝાઈન કરવા માટે એક મુખ્ય સરકારી સુધારા પહેલ છે. તેનો ઉદ્દેશ્ય માહિતી અને સંદેશાવ્યવહાર ટેકનોલોજી (ઈંઈઝ) નો ઉપયોગ કરીને લાભોની વધુ સારી અને સમયસર ડિલિવરી સુનિશ્ચિત કરવાનો છે. આ ટેકનોલોજીમાં પાત્ર લાભાર્થીઓના બેંક અથવા પોસ્ટલ ખાતાઓ (પ્રાધાન્યમાં આધાર-લિંક્ડ ખાતાઓ) માં સીધા નાણાં ટ્રાન્સફર, તેમજ સરકાર તરફથી વ્યક્તિગત લાભાર્થીઓને ઈન-કાઈન્ડ ટ્રાન્સફરનો સમાવેશ થાય છે. કલ્યાણકારી યોજનાઓ માટે સરકારી ડિલિવરી સિસ્ટમમાં સુધારો કરવા, માહિતી અને ભંડોળના ઝડપી અને સરળ પ્રવાહને સરળ બનાવવા અને છેતરપિંડી ઘટાડવા માટે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર ૧ જાન્યુઆરી, ૨૦૧૩ ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું.



# પતનના પંથે TMC

## મમતાના બળવાખોર સાંસદો દિલ્હીમાં ભૂપેન્દ્ર યાદવ અને સીએમ શુભેન્દુને મળ્યા

નવીદિલ્હી, તા. ૮

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પછીથી તૃણમૂલ કોંગ્રેસ ભારે મુશ્કેલીનો સામનો કરી રહી છે. મમતા બેનર્જી બળવો અને વિવિધ સ્તરેથી રાજીનામાનો સામનો કરી રહી છે. સૌપ્રથમ, રાજ્યસભાના સાંસદ સુખેન્દુ શેખર રોયે સોમવારે પાર્ટીમાંથી રાજીનામું આપ્યું હતું, અને ત્યારબાદ તૃણમૂલના અનેક સાંસદોએ કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવને તેમના નિવાસસ્થાને મળવા ગયા હતા. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી આ બેઠકમાં હાજર હોવાનું જાણવા મળ્યું છે. પરિણામે, પાર્ટીમાં મોટા વિભાજનનો ભય છે.

એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે તૃણમૂલના ૧૦ થી વધુ સાંસદોએ કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ સાથે મુલાકાત કરી હતી. બળવાખોર તૃણમૂલ સાંસદોમાં કાકલી ઘોષ દસ્તીદાર (બારાસત), પ્રસૂન બેનર્જી (હાવડા), શતાબ્દી રોય (બીરભુમ), અસિત કુમાર માલ, બાપી હલદર (મથુરાપુર), જૂન માલિયા (મેદિનીપુર), જગદીશ બાસુનિયા (કૂચ બિહાર), કાલીપદ સોરેન (ઝારગ્રામ), અરૂપ ચક્રવર્તી (બાંકુરા), પાર્થ ભૌમિક (બેરકપોર) અને શર્મિલા સરકાર (બર્દવાન પૂર્વ)નો સમાવેશ થાય છે.

અગાઉ, તૃણમૂલ કોંગ્રેસને ફરીથી રાજીનામાનો સામનો કરવો પડ્યો હતો. આ રાજીનામા એવા સમયે આવ્યા જ્યારે પાર્ટીના વડા મમતા બેનર્જી વિરોધ પક્ષોના ભારત જોડાણની મહત્વપૂર્ણ બેઠકમાં હાજરી આપવા માટે દિલ્હીમાં હતા. પાર્ટીના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ સુખેન્દુ શેખર રોયે આજે રાજ્યસભાના અધ્યક્ષને મળ્યા અને પોતાનું રાજીનામું સુપરત કર્યું. તેમણે પાર્ટીના પ્રાથમિક સભ્યપદ પરથી પણ રાજીનામું આપ્યું.



સુખેન્દુના પક્ષ અને લોકસભામાંથી રાજીનામા અંગે, પશ્ચિમ બંગાળના વિરોધ પક્ષના નેતા ઋત્તબ્રત બેનર્જી, જેમને ટીએમસીમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા, તેમણે કહ્યું, નસ્ત્રઆ ફક્ત સુખેન્દુ નથી. મેં ખરેખર તેમની સાથે વ્યક્તિગત રીતે વાત કરી નથી. હું તેમના મોટાભાગના મુદ્દાઓ સાથે સંમત છું, ખાસ કરીને સંસદના ઉપલા ગૃહના કાર્યપ્રણાલી અંગે. તેઓ બિલકુલ સાચા હતા. સંસદ ક્વિઝ શો માટેનું સ્થાન નથી. મેં સુખેન્દુ શું કહી રહ્યા છે તે પણ અનુભવ્યું છે.

તેમના કદના સાંસદને પાછળની હરોળમાં ઉતારી દેવામાં આવ્યા તે નિરાશાજનક હતું. સુખેન્દુ આજે બોલી રહ્યા છે. કાલે અન્ય લોકો પણ તેનું અનુકરણ કરશે.સ્ત્રસ્ત્ર

પશ્ચિમ બંગાળમાં ૧૭ રાજ્યસભા બેઠકોમાંથી, ટીએમસી પાસે ૧૩ બેઠકો છે, જ્યારે ભાજપ પાસે ત્રણ બેઠકો છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે લોકસભાના સાંસદો ટૂંક સમયમાં ટીએમસી છોડી શકે છે. તાજેતરમાં જ ૪ જૂને, સુખેન્દુએ પોતે દાવો કર્યો હતો કે લોકસભા અને રાજ્યસભાના કેટલાક ટીએમસી સાંસદો રાજીનામું આપી શકે છે. પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી પછીથી તૃણમૂલ કોંગ્રેસ ભારે મુશ્કેલીનો સામનો કરી રહી છે. મમતા બેનર્જી દરેક જગ્યાએ છે. બેનર્જી બળવો અને રાજીનામાનો સામનો કરી રહી છે. સોમવારે, રાજ્યસભાના એક સાંસદે પાર્ટી છોડી દીધી, જ્યારે તૃણમૂલના ઘણા સાંસદો કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવના નિવાસસ્થાને ગયા. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી પણ બેઠકમાં હાજર હતા. પરિણામે, પાર્ટીમાં મોટા વિભાજનનો ભય છે.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## અયતિઃ શ્રદ્ધાયોપેતો એ શ્લોકમાં અર્જુન જીવ ની કંઈ મનો વ્યથા વર્ણવે છે?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. મનુષ્યને માનવી બનવાં માટે માત્ર સંવેદનાની જરૂર પડે, અને આપણે બધાં એ રીતે સંવેદના ધરાવીએ છીએ, પરંતુ માનવી બન્યાં પછી એમાંથી પાછાં મનુષ્ય બની જઈએ છીએ! એ એક બહુ મોટી દ્વિધા છે. કારણકે સતત સંવેદનશીલ બની રહેવું, સંસારીઓ માટે શક્ય નથી! અને પાછું સંસારમાં કોઈ જ સાર નથી, એ લગભગ બધાં જ જાણીએ છીએ છતાં! આપણને માનવી માંથી કયું પરિબળ મનુષ્ય બનાવે છે? બહુ નાની નાની બાબતોનું ધ્યાન રાખીએ તો આ સમસ્યાથી બચી શકાય અને આપણે માનવી બની રહીએ! મનુષ્ય તો એક બે વિશેષતાં ધરાવતું પ્રાણી જ છે! જન્મથી આપણે બધાં મનુષ્ય જ છીએ! પરંતુ અમુક લોકો મનુષ્ય તરીકે જન્મીને મનુષ્ય તરીકે જ મૃત્યુ પામે છે! એ ખોટું છે. ઈશ્વરે અન્ય પ્રાણીઓ કરતાં મનુષ્યને એટલે જ વાણી, બુદ્ધિ, અને હાથ પગ આપ્યાં છે, કે એ પોતાની જીવનયાત્રામાં કંઈક વિશેષ કરીને જાય! આજે મંગળવાર અને એટલે ગીતા જ્ઞાનનો દિવસ, ભગવત ગીતાનાં છઠ્ઠા અધ્યાયના ૩૭ માં શ્લોકમાં અર્જુન આવો જ એક પ્રશ્ન ભગવાન શ્રીકૃષ્ણને પૂછે છે, એને વિશે ચિંતન કરીશું.

અર્જુન ઉવાચ

અયતિઃ શ્રદ્ધાયોપેતો યોગાચ્ચલિતમાનસઃ મ

અપ્રાપ્ય યોગસંસિદ્ધિં કાં ગતિં કૃષ્ણ ગચ્છતિ.૩૭

ગુજરાતી અર્થઃ અર્જુન બોલ્યાઃ હે કૃષ્ણ! જે મનુષ્ય શ્રદ્ધાવાળો હોય, પરંતુ પ્રયત્નમાં શિથિલ પડી જાય, અને જેના મનનો યોગમાંથી વિક્ષેપ થઈ જાય, તે યોગની સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કર્યા વિના કઈ ગતિને પામે છે?

આમતો બધાં જ શબ્દો અને એનો અર્થ સમજી શકાય એવો છે, પરંતુ બે શબ્દ પર જરાં વધુ ચિંતન કરીએ.

અયતિઃ આ શબ્દનાં ઘણાં અર્થ થાય છે, મનોબળ શિથિલ થવું, લક્ષ્યથી વિમુખ થવું, કે પછી, પોતાનો જ નિર્ણય કે સંકલ્પ પૂરો થશે કે નહીં થાય એવો સંશય થવો! અર્જુન એકદમ ભોગી અને સંસારીની મનોવ્યથાને રજૂ કરે છે, ભગવાન શું જવાબ આપશે, એ આગળ જોઈશું જ! પણ આપણે સૌ એક નજર આપણી દિનચર્યા પર નાખીએ! તો સૌથી ઓછું ગમતું, એવું કોઈ કાર્ય કે ક્રિયા હોય તો એ ભગવત ભજન છે! અને આમાં હું તું એવું નથી, લગભગ બધાની વાત છે! અને ઓછું એટલાં માટે ગમે છે કે, ક્યાંક આપણે એ ઈશ્વર તત્વ પ્રત્યે જોઈએ એટલો અહોભાવ થતો નથી, હાં આપણે ઈચ્છ્યું હોય, આ થાય તો થોડીક વાર ભાવ થાય! વળી પાછાં હતાં ત્યાં ને ત્યાં! પરંતુ મનુષ્ય વિવિધ મહત્વાકાંક્ષા ધરાવે છે, અને એટલે જ એને ખબર છે કે, એને રીંગણાનું શાક ભાવે છે, છતાં એ અન્યનો સ્વાદ ગમાડવા કોશિશ કરે છે! આમ મનોબળ શિથિલ થવાનું કારણ એક એ પણ છે, કે આપણે એકપર સ્થિર રહી શકતાં નથી!ઃ વાનગી સાથે સરખાવવાનું કારણ એ છે કે રસ અને સ્વાદને બહુ ગહેરો સંબંધ છે, અને ઈશ્વર રસોવૈષ છે! અથવા તો સર્વોપરી રસ છે, એને ચાખ્યા પછી બીજું કંઈ ચાખવાની જરૂર રહેતી નથી! અને આપણે સૌ એ કક્ષા સુધી ચોક્કસ પહોંચી શકીએ ! નથી પહોંચી શકતા એનું કારણ માત્ર ને માત્ર અયતિઃ છે.

**શ્રદ્ધયા ઉપેતઃ શ્રદ્ધાથી સંપન્ન અથવા તો યુક્ત, કે શ્રદ્ધાવાન. બંને શબ્દને જોડીમાં લેવાનું કારણ એટલું જ છે કે યુક્ત અથવા સંપન્ન તો આપણે ઘણાંમાં છીએ, પરંતુ દરેકમાં શ્રદ્ધા નથી હોતી! અને સૌથી વધુ તો આપણી શક્તિ વિશે જ આપણને શ્રદ્ધા નથી, કારણ કે કર્મ કરતાં એનાં ફળમાં વધુ રુચિ છે! અથવા તો ફળ માટે જ કર્મ થાય છે એવું પણ છે! એટલે ઈશ્વર તત્વની સમિપ જવાં કે સાનિધ્ય માટે થતી ક્રિયા માત્ર ને માત્ર ક્રિયા રહી જાય છે! એમાં ભાવ ની બાદબાકી હોય છે. જીવ તરીકે હું અને મારું, આ બે માત્ર શબ્દ નથી, પણ એની જીવનીના બે મુખ્ય એવાં અવયવો છે, જે અગિયાર ઈન્દ્રિય કરતાં પણ એને શ્રદ્ધાથી દૂર લઈ જાય છે, કે ઈશ્વરથી દૂર લઇ જાય છે. સંસારી વ્યવહારમાં તો બરોબર છે, પણ અધ્યાત્મમાં શ્રદ્ધા મુખ્ય ગુણ છે! અને એ શૂન્ય હોય ત્યારે એની સાથે ગમે તેનો સરવાળો કરો, કે ગુણાકાર, પરિણામ શૂન્ય જ રહે છે! અને આમ આપણી ફળ વગરની ક્રિયામાંથી રુચિ ઓછી થતી જાય છે.

અર્જુન એક ખૂબ જ વ્યવહારુ પ્રશ્ન પૂછે છે, કે

કોઈ વ્યક્તિને અભ્યાસમાં, કારકિર્દીમાં કે જીવનનાં કોઈ ઉચ્ચ લક્ષ્યમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોય, પરંતુ વચ્ચે મન ભટકી જાય, ઉત્સાહ ઓછો થઈ જાય. આજુબાજુનાં વધુ મહેનત કરે છે, એ આગળ નીકળી જશે, અને હું પાછળ રહી જઈશ તો? અથવા નબળી પરિસ્થિતિઓને કારણે હું પોતાનું લક્ષ્ય પૂર્ણ નહીં કરી શકું? તો તેનું શું થાય? મૂળમાં અંત સુધી પહોંચી શકતો નથી, તો શું તેનો બધો પ્રયત્ન વ્યર્થ જાય છે? એટલે સામાન્ય રીતે આ પ્રશ્ન માત્ર યોગ માટે જ નથી, પરંતુ જીવનનાં દરેક ક્ષેત્ર માટે લાગુ પડે છે.

હવે અધ્યાત્મિક અર્થ જોઇએ,અહીં યોગનો અર્થ માત્ર આસન કે પ્રાણાયામ નથી; પરંતુ આત્મસાક્ષાત્કાર, ઈશ્વરપ્રાપ્તિ, એકાગ્રતા, કે પછી મનની એવી કક્ષા કે જ્યાં એને અન્ય સૌ માટે શુભ ભાવ છે. જો કોઈ સાધક શ્રદ્ધાપૂર્વક સાધના શરૂ કરે, પરંતુ મનની ચંચળતાને કારણે પૂર્ણ આત્મજ્ઞાન કે ઈશ્વરપ્રાપ્તિ સુધી પહોંચી શકે નહીં, તો શું તેની આધ્યાત્મિક યાત્રા અધૂરી રહી જાય? શું તેની કરેલી સાધના કે પ્રયત્નો એટલે કે સંયમ, નિયમ, વ્રત, તપ, વગેરે નષ્ટ થઈ જાય? શ્રીકૃષ્ણનો ઉત્તર ખૂબ આશ્વાસનદાયક છે, જે આપણે ક્રમ અનુસાર જોઈશું.

ટૂંકમાં પ્રત્યેક મનુષ્યમાં ઈશ્વર અંશ તરીકે આત્મા હોય જ છે, અને એટલે એને ક્યારેક ને ક્યારેક તો પોતાનાં જમીર વિશે પ્રશ્ન થાય જ છે! કારણકે આસ્તિક હોય કે નાસ્તિક એ ઈશ્વર તત્વથી પ્રેરિત થાય જ છે, અને એને મેળવવાનો પ્રયત્ન કરે જ છે, ત્યારે તેનો પ્રયત્ન પૂરો થાય નહીં, તો એની ગતિ કેવી હોય એ આ શ્લોકનો મુખ્ય સંદેશ છે. સાચી શ્રદ્ધાથી કરેલા સદ્પ્રયત્નનો અંત ફળ દાયક છે.આથી આ શ્લોક નિષ્ફળતાનો નહીં, પરંતુ આશા, ધૈર્ય અને આધ્યાત્મિક પ્રગતિની અખંડિતા દર્શાવે છે. અર્જુન તો શ્રીકૃષ્ણનો પરમ સખા હતો અને એ જાણતો હતો કે કૃષ્ણ જે કહે એ પરમ સત્ય જ છે! પરંતુ આપણાં જેવાંના ઉદ્ધાર માટે એણે વિધવિધ પ્રશ્નો કર્યા, અને કૃષ્ણ એ એ પ્રશ્નનાં જવાબ આપી સમાધાન કર્યું. એટલે આ શ્લોકના જે બે મુખ્ય શબ્દ છે! એનો અર્થ બરોબર સમજી, અને આપણે ઈશ્વર તત્વ પ્રત્યે કાયમ શ્રદ્ધાવાન રહી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

ધોરણ દસ બોર્ડની પરિક્ષા આપવા ગયેલી બાળા આત્મીય સ્કૂલના ગેઇટ પાસેથી ગાયબ થઇ હતીઃ ભુવો ભગાડી ગયાની રજૂઆત બાદ પોલીસ હરકતમાં આવી હતી

# છાત્રાને ભગાડી ભુવાએ આચર્યું'તુ ભુંડુ કૃત્યઃ જેલ હવાલે

### તાલુકા પોલીસમાં નોંધાયેલા અપહરણના ગુનામાં એએચટીયુ પીઆઇ કે. કે. ગોહિલની ટીમે બનાસકાઠામાં ત્રાટકી બાજરાના ખેતરમાંથી અપહૃત બાળા સાથે દબોચ્યોઃ તાલુકા પોલીસે કરી આકરી પુછતાછઃ બાળા સાથે દેહસંબંધ કબુલતાં પોક્સો હેઠળ કાર્યવાહીઃ બાળાની માતા આ ભુવા પાસે જોવડાવવા ગઇ પછી ભુવાએ બાળાને ફસાવી હતી

રાજકોટ,તા.૮

કહેવાતા ભુવા-તાંત્રીકો જે તે લોકો કે જેઓ તેની તકલીફ લઇને આવ્યા હોય તેનું આર્થિક શોષણ કરવાની સાથે સાથે ઘણીવાર જે તે પરિવારની મહિલા કે દિકરી ઉપર પણ નજર બગાડી લેતાં હોવાના કિસ્સા અવાર-નવાર બનતા રહે છે. આવી જ એક ઘટનાનો પર્દાફાશ એક સગીર વિદ્યાર્થીનું અપહરણ કરનારો કહેવાતો ભુવો બનાસકાંઠાથી ઝડપાઇ જતાં થયો છે. રાજકોટમાં રહેતાં પરિવારની ધોરણ-૧૦માં ભણતી દિકરી બોર્ડની પરિક્ષા આપવા ગઇ ત્યારે ગાયબ થઇ હતી. તપાસ બાદ પત્તો ન મળતાં તાલુકા પોલીસે અપહરણનો ગુનો નોંધ્યો હતો. આ સગીરાને ઉઠાવી જનારા ભુવાને રાજકોટ એએચટીયુની ટીમે બનાસકાંઠામાં ત્રાટકી બાજરાના ખેતરમાંથી પકડી લીધો હતો. સાથે સગીરા પણ પોલીસને મળી આવી હતી. જેને પ્રાથમિક કાર્યવાહી બાદ તેના વાલીએ સોંપાઇ હતી. બીજી તરફ આ ભુવો જેલભેગો થયો હતો.





વિગતો પર નજર કરીએ તો સગીરાના અપહરણના ગુન્હામાં આરોપીને શોધી કાઢવામાં એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ યુનીટની ટીમને સફળતા મળી છે. ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા આપવા ગયા બાદ લાપતા બનેલી ૧૫ વર્ષની સગીરાને પોલીસે બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાંથી સહીસલામત શોધી કાઢી છે અને અપહરણ કરનાર કહેવાતા ભુવાને પણ દબોચી લીધો છે. એએચટીયુની ટીમ ખેતર વિસ્તારમાં રાતે વેશપલ્ટો કરીને ત્રાટકતાં ભુવો સગીરાનો હાથ પકડીને ભાગ્યો હતો. પોલીસની ટીમે ફિલ્મી ઢબે પીછો કરી પકડી લીધો હતો. બંનેને તાલુકા પોલીસને સોંપતા એકત્રીસ વર્ષના આ ભુવાએ અપહૃત સગીરા સાથે શરીરસંબંધ બાંધ્યાનું ખુલતાં પોક્સોની કલમ ઉમેરી કોર્ટમાં રજૂ કરતાં તે જેલહવાલે કરાયો હતો. આ બનાવમાં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ભારતીય ન્યાય સંહિતાની કલમ મુજબ અપહરણનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો.

ફરિયાદીની પંદર વર્ષની સગીર વયની દીકરી ધોરણ દસ બોર્ડની પરીક્ષા આપવા આત્મીય સ્કૂલ ખાતેના પરિક્ષા કેન્દ્ર ખાતે ગઇ હતી. તેના પિતા જ તેને અહિ મુકીને ગયા હતાં. પરંતુ પરીક્ષા પુર્ણ થયા બાદ પણ તે પરત ન ફરતા તપાસ કરતાં તેણીએ પરિક્ષા આપવા ગઇ ન હોવાનું અને દરવાજેથી જ નીકળી ગયાનું સામે આવ્યું હતું. સીસીટીવી ફૂટેજમાં પણ આ દ્રશ્યો દેખાયા હતાં. આ પછી શોધખોળ છતાં પત્તો ન મળતાં પિતાએ તાલુકા પોલીસમાં જાણ કરતાં પોલીસે સગીર ગુમ થવાના કિસ્સામાં અજાણ્યા શખ્સ સામે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.આ તમામ ઉચ્ચ અધિકારીઓ દ્વારા અપહરણ થયેલ બાળકોને શોધી કાઢવા માટે એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ યુનીટને ખાસ સુચના આપવામાં આવી હતી.

જેને પગલે એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ યુનીટનો સ્ટાફ ભોગ બનનારને શોધવા માટે કાર્યરત થયો હતો. તપાસ દરમિયાન ટેકનિકલ એનાલીસીસ અને હ્યુમન રિસોર્સિસના આધારે એન્ટી હ્યુમન ટ્રાફીકીંગ યુનીટને ચોક્કસ માહિતી મળી હતી કે ભોગ બનનાર સગીરા અને શંકમદ આરોપી પ્રભાજી ફુલાજી ઠાકોર ઉર્ફે ભુવો હાલ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના મુડેથા ગામની સીમમાં છે.માહિતી મળતા જ યુનીટની એક ટીમ તાત્કાલિક મુડેથા ગામની સીમમાં પહોંચી હતી. પરંતુ શંકમદ આરોપી પ્રભાજી ઠાકોર ઉર્ફે ભુવો ખુબ જ શાંતિર દિમાગનો અને ચાલાક હોવાથી પોલીસની ભનક ન લાગે તે માટે યુનીટના માણસોએ તાત્કાલિક વેશપલટો કર્યો હતો.

વેશપલટો કરી વોચ ગોઠવ્યા બાદ બાજરાના ખેતરમાં સંતાયેલા આરોપી પ્રભાજી ફુલાજી ઠાકોર (રહે. ગામ ગનવાળા, તા. સિધ્ધપુર જી. પાટણ)ને પોલીસે દબોચી લીધો હતો અને સગીરાને મુક્ત કરાવી હતી. જો કે પકડાયા પહેલા પ્રભાજી ઉર્ફે ભુવો સગીરાને લઇ દોટ મુકી ભાગતાં એએસઆઇ અજયભાઇ શુક્લા, હેડકોન્સ. જીજ્ઞેશભાઇ મારૂ, હરસુખભાઇ વાછાણીએ પીછો બંનેને પકડી લીધા હતાં. આ ભુવાની ઉમર એકત્રીસ વર્ષની છે. આરોપી અને બાળાને તાલુકા પોલીસને સોંપાતા પીઆઇ એસ. આર. મેઘાણીની રાહબરીમાં પીએસઆઇ બી. આર. ભરવાડ અને ટીમે ભુવા પ્રભાજી ઠાકોરની ધરપકડ કરી પુછતાછ કરી હતી.

તેણે બાળાને ભોળવીને શરીર સંબંધ બાંધી લીધા હોઇ પોક્સોની કલમ ઉમેરાઇ હતી. કોર્ટમાં રજુ કરાતાં તે જેલહવાલે થયો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જોઇન્ટ પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત એએચટીયુના પોલીસ ઇન્સપેકટર કે. કે. ગોહિલ, પીએસઆઇ બી. વી. ચુડાસમા, એએસઆઇ અજયકુમાર શુક્લા, હેડકોન્સ. જીજ્ઞેશભાઇ મારૂ, હરસુખભાઇ વાછાણી, હસમુખભાઇ બાલધા, કોન્સ. મહેશ ગણેશપ્રસાદ, જ્યોતીબેન બાબરીયા, ડ્રા. કોન્સ. સુર્યકાંતભાઇએ આ કામગીરી કરી હતી. ભુવો દિકરીને ભગાડી ગયાની અગાઉ દંપતિએ પોલીસ કમિશનરને રજૂઆત કરી હતી. એ પછી પોલીસ હરકતમાં આવી હતી અને ભુવો ઝડપાઇ ગયો હતો.

નશાની અને પત્નિની વાતે બેડી ચોકડીએ બખેડોઃ ભાઇને મિત્ર ભેગો રખડવાની ના કહેતાં ભીમનગર પાસે ધમાલ

# નજીવા કારણે છરી-પાણકાથી બાકાઝીકીઃ ચાર લોહીલુહાણ

### એક ઘટનામાં ચાલીને જઇ રહેલા યુવાનને નશાખોરે પાણકો મારી માથુ રંગી નાંખ્યું

રાજકોટ,તા.૮

અલગ અલગ કારણોસર મારામારીની ત્રણ ઘટના બની હતી. જેમાં ચારને ઇજા પહોંચી હતી. બેડી ચોકડીએ ઇકો અને રિક્ષાના ચાલકો વચ્ચે છરીથી મારામારી થતાં બંને ઘાયલ થયા હતાં. એક દારૂ પી હુમલો થયાનો આક્ષેપ કર્યો હતો, બીજાએ પત્નિને કારણે ડખ્ખો થયાનું કહ્યું હતું. બીજી ઘટનામાં પોતાના ભાઇને તેના મિત્ર સાથે રખડવાની ના પાડનારા નેપાળી યુવાનને ભાઇના મિત્રએ છરીના ઘા મારી દીધા હતાં. એક ઘટનામાં ચાલીને જઇ રહેલા યુવાન પર પથ્થરથી હુમલો થયો હતો.



વિગતો પર નજર કરીએ તો બેડી ચોકડીએ મારામારી થતાં બે જણાને ઇજા થઇ હતી. ભગવતીપરા શેરી નં. ૧ શિવ પાર્કમાં રહેતાં જીજ્ઞેશભાઇ લાખાભાઇ ગોહેલ નામના એકતાલીસ વર્ષના યુવાનને બેડી ચોકડીએ ટ્રાફિક પોલીસ ચોકી પાછળ હતાં ત્યારે અનિલ નામના શખ્સે છરીથી હઅુમલો કરી કાનના ભાગે ઇજા પહોંચાડતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં બી-ડિવીઝન પોલીસને જાણ કરાઇ હતી. જીજ્ઞેશભાઇ ઇકો ગાડીના ફેરા કરી ગુજરાન ચલાવે છે અને બે ભાઇ તથા એક બહેનમાં મોટા છે. તેને સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. તેના કહેવા મુજબ હુમલાખોર અનીલ દારૂ પી અચાનક આવ્યો હતો અને ગાળાગાળી કરી હુમલો કરી દીધો હતો. જેમાં તેનો કાન કપાઇ ગયો હતો.

જ્યારે સામા પક્ષે મોરબી રોડ વેલનાથપરામાં રહેતો અનિલભાઇ જયંતિભાઇ વીંજવાડીયા પણ પોતાના પર દિલીપ ઉર્ફે જીજ્ઞેશે છરી જેવા કોઇ ધારદાર હથીયારથી હુમલો કરી માથામાં ઇજા પહોંચાડ્યાની ફરિયાદ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. અનિલભાઇ રિક્ષાના ફેરા કરે છે. તેને સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. તેણે જણાવ્યું હતું કે તેની પત્નિ બાબતે જીજ્ઞેશને સમજાવ્યો હોઇ અને અગાઉ પણ આ બાબતે તેને આકરા વેણ કહ્યા હોઇ ખાર રાખી જીજ્ઞેશે હુમલો કર્યો હતો.

બીજા બનાવમાં નાના મવા રોડ ભીમનગર સર્કલ નજીક ભારતનગરમાં રહેતાં નેપાળી સત્યાવીસ વર્ષના યુવાન ચંદ્રેશ ગોવિંદભાઇ ગ્રામીણ પર ભીમનગર સર્કલ પાસે જીમ્મી નામના શખ્સે છરીથી હુમલો કરી વાંસામાં ઘા મારી દેતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. ચંદ્રેશના કહેવા મુજબ તે કન્સ્ટ્રકશનની ઓફિસમાં નોકરી કરે છે અને ત્રણ ભાઇમાં મોટો છે. તેનો નાનો ભાઇ નયન તેના મિત્ર જીમ્મી ભેગો વધુ પડતો રખડતો, ફરતો હોઇ તેણે નાના ભાઇને તેના ભેગા રખડવાની ના પાડી સમજાવતાં આ બાબતનો ખાર રાખી જીમ્મીએ હુમલો કર્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસે કાર્યવાહી કરી હતી.

ત્રીજા બનાવમાં દુધ સાગર રોડ પર શિવાજીનગર-૯માં રહેતાં ત્રીસ વર્ષના સંજયભાઇ જેન્તીભાઇ પરમાર નામના યુવાનને ઘર પાસે હતો ત્યારે સંજય નામના શખ્સે પથ્થરનો ઘા માથામાં ફટકારી દેતાં લોહીલુહાણ થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને કરી હતી. સંજયભાઇ છુટક મજૂરી કરે છે અને તેને બે સંતાન છે. તેના કહેવા મુજબ હુમલો કરનાર નશામાં હોઇ પોતે ચાલીને જતો હતો ત્યારે કારણવગર પાણકો મારી લીધો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# પુર્વ શિક્ષીકાને ફસાવી દૂષ્કર્મ આચરનાર મવડીનો શખ્સ ઝડપાયો

રાજકોટ,તા.૮

પોતે અગાઉ જેની પાસે ભણ્યો હતો એ પુર્વ શિક્ષીકાનો બાર વર્ષ પછી ફેસબૂકથી સંપર્ક કરી તેને લગ્નની લાલચ આપી વિદેશમાં સ્થાયી થવાના સપના બતાવી હવસખોરીનો શિકાર બનાવનારા શખ્સને ગાંધીગ્રામ પોલીસે પકડી લીધો હતો. શહેરના મવડી વિસ્તારમાં રહેતાં શખ્સે પુર્વ શિક્ષીકા સાથે દૂષ્કર્મ આચરવા ઉપરાંત તેણીના અંગત ફોટાઓ વાયરલ કરી દેતાં અને ઓળખ છત્તી કરી દેતાં અલગથી આઇટી એક્ટ હેઠળ ગુનો દાખલ થયો હતો. આ બંને ગુનામાં તે ફરાર હોઇ અઢી મહિના બાદ તેને ઝડપી લેવાયો હતો.

વિગતો જોઇએ તો છેલ્લા અઢી મહિનાથી પોલીસથી બચવા માટે નાસતો ફરતો આરોપી અઠ્ઠાવીસ વર્ષિય ધ્રુવલ પંકજભાઇ રવજીભાઇ દેસાઇ (રહે. મવડી સંસ્કાર સીટી, બી-વિંગ, ફ્લેટ નં. ૪૦૩) ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે હાથમાં આવી ગયો હતો. ફરિયાદ નોંધાવનાર શિક્ષીકાનો આરોપ હતો કે ધોરણ-૧૦માં તેનો વિદ્યાર્થી રહી ચુકેલા ધ્રુવલે બાર વર્ષ બાદ સોશિયલ મીડિયાના માધ્યમથી સંપર્ક સાધ્યો હતો. ત્યારબાદ લગ્ન કરવાની તથા ઓસ્ટ્રેલિયા સ્થાયી થવાની લાલચ આપી અનેક વખત શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ દરમિયાન ધંધામાં નુકસાન થયાનું કહી રોકડ રકમ, પીએફ અને સોનાના દાગીના વેચાવી કુલ રૂ.૭ લાખથી વધુની રકમ પણ મેળવી લીધી હતી. બાદમાં લગ્ન કરવાની ના પાડી દેતાં શિક્ષિકાએ તેની સામે દુષ્કર્મ સહિતનો ગુનો નોંધાવ્યો હતો. આ ઉપરાંત આરોપી સામે અન્ય એક ગુનામાં યુવતીના અંગત ફોટો-વીડિયોનો દુરૂપયોગ કરવા મામલે આઇટી એક્ટ હેઠળ પણ ગુનો ગાંધીગ્રામ પોલીસમાં નોંધાયો હતો.

આ બંને ગુનાઓ નોંધાયા બાદ ધ્રુવલ ફરાર થઇ ગયો હતો. એ દરમિયાન તેણે વારાણસીમાં ફિનાઇલ પી લીધાનો વિડીયો પણ સોશિયલ મિડીયામાં વાયરલ થયો હતો. અઢી માસથી ફરાર ધ્રુવલ જામકંડોરણા તરફ આવ્યાની બાતમી એએસઆઇ ચેતનસિંહ ગોહિલ અને હેડકોન્સ. ભવદીપસિંહ ગોહિલ તથા કોન્સ. કૌશિકભાઇ ડાંગરને મળતાં ધ્રુવલને પકડી લીધો હતો. તેની દૂષ્કર્મ અને આઇટી એક્ટ હેઠળના ગુનામાં ધરપકડ



**ગાંધીગ્રામ પોલીસ મથકના ચેતનસિંહ ગોહિલ સહિતની બાતમી પરથી ઝડપાઇ ગયોઃ આઇટી એક્ટનો ગુનો પણ દાખલ થયો હતો**

કરી વિશેષ તપાસ માટે રિમાન્ડની તજવીજ હાથ ધરાવમાં આવી છે. તે વારાણસી તેમજ આસપાસના વિસ્તારમાં અને ક્યારેક સગા સંબંધીઓને ત્યાં જતો રહેતો હોવાનું રટણ કરી રહ્યો છે. ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી આર. એસ. બારીયાની સુચના અંતર્ગત પીઆઇ એચ. પી. ગઢવી, પીએસઆઇ વી. ડી. રાવલીયા, એ. બી. ચાવડા, એએસઆઇ ચેતનસિંહ ગોહિલ, હેડકોન્સ. રવિભાઇ ગઢવી, રોહિતદાન ગઢવી, ભવદીપસિંહ ગોહિલ, કોન્સ. રઘુવીરસિંહ જાડેજા, વિપુલભાઇ ગઢવી, પ્રશાંતભાઇ ગજેરા, કૌશિકભાઇ ડાંગર, હોમગાર્ડ હરદિપસિંહ જાડેજાએ આ કામગીરી કરી હતી. સાથે ડીસીબીના પીએસઆઇ એ. એન. પરમાર અને કોન્સ. મોહિલરાજસિંહ ગોહિલ પણ જોડાયા હતાં.

# રેલવે કેન્ટીન સંચાલકના ૪.૪૦ લાખ ચોરી સાળો ફરાર

રાજકોટ,તા.૮

શહેરમાં ઘરફોડ અને વિશ્વાસઘાત પૂર્વક ચોરીના બનાવો સતત વધી રહ્યા છે, ત્યારે રાજકોટના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સગા સાળાએ જ બહેન-બનેવીના ઘરેથી લાખોની રોકડ રકમ ચોરી કરી પલાયન થઈ ગયો હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. તિજોરીમાં રાખેલી ૪,૪૦,૦૦૦ની રોકડ રકમ નજર ચૂકવીને ચોરી કરી જવા અંગે વેપારીએ પોતાના સાળા વિરુદ્ધ વિધિવત પોલીસ ફરિયાદ નોંધાવી છે.

મૂળ મધ્યપ્રદેશના ભીન્ડ જિલ્લાના ડુંગરપુરા ગામના વતની અને હાલ રાજકોટમાં પોપટપરા વિસ્તારમાં આવેલી રઘુનંદન સોસાયટી શેરી નં. ૦૫ માં રહેતા બીપીનભાઈ રામપ્રસાદ ગુપ્તા (ઉ.વ. ૨૫) એ આ અંગે પ્રદ્યુમનનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. બીપીનભાઈ રાજકોટમાં રેલવે સ્ટેશન ખાતે કેન્ટીન ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના પરિવારમાં તેઓ, તેમના ભાભી રાધાબેન, ભાભીના બે સંતાનો તેમજ તેમના ભાભીનો નાનો ભાઈ પવન ઉર્ફે ભોલો મદનલાલ ગુપ્તા સાથે રહે છે. આરોપી પવન છેલ્લા પાંચ વર્ષથી આ પરિવાર સાથે જ રહેતો હતો. ફરિયાદની વિગત મુજબ, ગત તારીખ પંચના સાંજના આશરે સાડા પાંચ વાગ્યાના અરસામાં બીપીનભાઈએ પોતાના વેપાર ધંધાના રોકડા ૪,૪૦,૦૦૦ એક ગ્રે કલરની બેગમાં લોક મારીને મૂક્યા હતા. આ બેગની ચાવી તેમણે બેગમાં જ રાખી હતી અને આખી બેગ ઘરની તિજોરીમાં સુરક્ષિત મૂકી દીધી હતી. ઘરમાં મોટી રકમ પડી હોવાની જાણ પરિવારના તમામ સભ્યોને હતી.



દરમિયાન તારીખ ૬ના રોજ બપોર બીપીનભાઈ પોતાની કેન્ટીન પર હાજર હતા ત્યારે તેમના ભાભી રાધાબેનનો ફોન આવ્યો હતો. રાધાબેને ગભરાયેલા અવાજે જણાવ્યું કે, નસ્ત્રબીપીનભાઈ તમે તાત્કાલિક ઘરે આવો, ભોલો ઉર્ફે પવન ઘરમાં રાખેલા પૈસા લઈને ક્યાંક ભાગી ગયો છે.સ્ત્રસ્ત્ર

**પોપટપરા રઘુનંદન સોસાયટીમાં રહેતાં બિપિન ગુપ્તાની પ્રદ્યુમનનગર પોલીસમાં ફરિયાદ**

ભાભીનો ફોન આવતા જ બીપીનભાઈ તાબડતોબ ઘરે પહોંચ્યા હતા અને રૂમમાં જઈને તપાસ કરતા તિજોરીમાં રાખેલી ગ્રે કલરની બેગ લોક કરેલી હાલતમાં જ જોવા મળી હતી. પરંતુ બેગ ખોલીને અંદર જોતાં તેમાંથી ૪,૪૦,૦૦૦ની રોકડ ગાયબ હતી. બીપીનભાઈએ તુરંત જ સાળા પવન ઉર્ફે ભોલાના મોબાઈલ પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેનો ફોન સ્વીચ ઓફ આવતો હતો.

આ ઘટના બાદથી જ આરોપી પવનનો કોઈ પતો લાગ્યો નથી.

પોતાની સાથે જ રહેતા સાળાએ વિશ્વાસઘાત કરીને નજર ચૂકવી તિજોરીમાંથી ૪,૪૦,૦૦૦ની ચોરી કરી હોવાની ખાતરી થતાં આખરે બીપીનભાઈ ગુપ્તાએ પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી છે. પ્રદ્યુમનનગર પોલીસ મથકના પીએસઆઈ કે.કે. ચાવડાએ આ અંગે ગુનો નોંધી આરોપી પવન ઉર્ફે ભોલાને ઝડપી પાડવા અલગ-અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ખાટું શ્યામ બાબાના દર્શને જતો પરિવાર બન્યો કાળનો કોળીયો, ૩ મોત

### ખુશીઓથી ભરેલી કારમાં મોતનું આક્રંદ : રોડ પર ઉભેલી ટ્રકને આઈસર ચાલકે છુંદી નાખી : એક્સપ્રેસ વે ફરી રક્તરંજિત

અમદાવાદ, તા.૮

વડોદરાના કરજણ પાસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે ફરી એકવાર રક્તરંજિત બન્યો છે, સેલવાસથી રાજસ્થાનના પ્રખ્યાત તીર્થધામ ખાટુ શ્યામજીના દર્શનાર્થે નીકળેલા પરિવારની અર્ટિગા કારને પાછળથી આવી રહેલા એક બેકાબૂ આઈસર ટેમ્પોએ ટક્કર મારતા કારનો બુકડો બોલી ગયો હતો અને અંદર બેઠેલા પ્રમોદભાઇ ભાઇદાસ પાટીલ, વિશાલ બાલુ દેવરે અને વંદનાબાઇ બાલુ દેવરેના ઘટના સ્થળે જ મોત થયા હતા.

વાપીનો વતની આ પરિવાર પોતાની અર્ટિગા કારમાં સેલવાસથી ખાટુ શ્યામ બાબાના આશીર્વાદ લેવા માટે ઉમંગભેર નીકળ્યો હતો. કારમાં સાત જેટલા પુરુષો, મહિલાઓ અને ત્રણથી ચાર નાના-ભૂલકાંઓ સવાર હતા. ભરૂચ પસાર કર્યા બાદ, રાત્રિના અંધકારમાં વડોદરા નજીક પહોંચતા અચાનક તેમની કારમાંથી શંકાસ્પદ અવાજ આવવા લાગતા કારને રોડ પર સુરક્ષિત ઉભી રાખી તમામ પુરુષો કારમાંથી ઉતરી ગયા હતા. આવા સમયે પુરપાટ ઝડપે આવતા એક આયસર ચાલકે રોડ પર ઉભેલા તમામને હડફેટે લેતા એક મહિલા અને બે પુરુષના ઘટના સ્થળે જ મૃત્યુ થયા હતા.

અકસ્માત સર્જી આઈસર ચાલકે ભાગવાની કોશિષ કરી હતી પણ સેવાભાવીઓએ પકડી લીધો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો તેમજ બચાવ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક વડોદરાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તબીબોએ ઉપરોક્ત ત્રણ લોકોને મૃત જાહેર કાર્ય હતા. બાકી બચેલા ચારથી પાંચ સભ્યો અને માસૂમ બાળકોને હાથ-પગમાં ગંભીર ફ્રેક્ચર અને અન્ય ઈજાઓ પહોંચી હોવાથી તેઓ હાલ સઘન સારવાર હેઠળ છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આગળની સઘન કાર્યવાહી હાથ ધરી છે.



# વ્યાજખોરીમાં ફસાતાં રેલનગરના દાબેલીના ધંધાર્થીએ ઝેર પીધું

## પત્નિ-સાસુ હેરાન કરે છે...

### ચિઠ્ઠી લખી ભગવતીપરાના યુવાને ફિનાઇલ પી લેતાં સારવારમાં

રાજકોટઃ તા. ૮

ઝેરી દવા પી આપઘાતના પ્રયાસની બે ઘટના બની હતી. જેમાં રેલનગરમાં પેટ્રોલ પંપ પાસે શ્યામા સ્કાય લાઇટ એપાર્ટમેન્ટમાં રહેતાં અને રેલનરગમાં જ મા કોમ્પલેક્ષમાં શ્યામ કચ્છી દાબેલી નામે ફાસ્ટ ફૂડની દુકાન ચલાવતાં પરેશભાઇ મહેશભાઇ પુરોહિત નામના પ્રૌઢ રાતે બારેક વાગ્યે કોઇ દવા વધુ પડતી પી જતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. પરેશભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાના છે તથા સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તેમણે જણાવ્યું હતું કે ત્રણથી ચાર જણા પાસેથી દસથી પંદર ટકા વ્યાજે ચારેક લાખની રકમ ધંધા માટે લીધી હતી. જેનું નિયમીત વ્યાજ ભર્યુ હતું. હાલમાં ધંધામાં થોડી મંદી હોઇ વ્યાજ ન ભરી શકતાં આકરી ઉઘરાણી થતી હોઇ કંટાળીને પોતે ટીકડીઓ પી ગયા હતાં. એકાદ મહિલા પણ વ્યાજખોરીમાં સામેલ હોવાનો આક્ષેપ થતાં પોલીસ તેઓ સંપુર્ણ ભાનમાં આવ્યા બાદ વિશેષ તપાસ કરશે. બીજા બનાવમાં ભગવતીપરા શીવપાર્ક-રમાં રહેતાં ચિરાગભાઇ બોદુભાઇ મારડીયા નામના છવ્વીસ વર્ષના યુવાને ઘરે ફિનાઇલ પી લેતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. ચિરાગભાઇ નર્સિંગ સ્ટાફ તરીકે કોન્ટ્રાક્ટમાં નોકરી કરે છે. તે ત્રણ બહેનના એક જ ભાઇ છે. તેણે એક ચિઠ્ઠી લખી પત્નિ, સાસુ હેરાન કરતાં હોવાનો આક્ષેપ કર્યો છે. તેમજ પોતાની પાસે પૈસા મંગાતા હોવાનો પણ આક્ષેપ કર્યો છે. ચિઠ્ઠીમાં લખ્યું છે કે મારા પરિવાર પર ખોટો કેસ કરી ફસાવવાની ધમકી અપાય છે. કંટાળીને હું આ પગલુ ભરુ છું. મમ્મી-પપ્પા-બહેન તમારૂ ધ્યાન રાખજો. ગૂડબાય-ચિરાગ. હાલમાં તેની પત્નિ રિસામણે હોવાનું જણાવાયું હતું. પોલીસે ચિઠ્ઠીના આક્ષેપો બાબતે તપાસ હાથ ધરી છે.



## ઓનલાઇન-ઓફલાઇન ફ્રોડની અનેકાનેક ઘટનાઓ વચ્ચે વધુ બે કિસ્સા

# ખેડુતને વિઝાના નામે લાખોનો ડામ

રાજકોટઃ તા. ૮

ઓનલાઇન ગઠીયાગીરીના બનાવો રોજબરોજના થઇ પડ્યા છે. રોજ કોઇને કોઇ અલગ અલગ રીતે છેતરાઇ જાય છે, તો કોઇ જુના ને જાણીતા નુસ્ખાઓમાં ફસાઇને પણ છેતરાઇ જાય છે. આવી જ બે ઘટના સામે આવી છે જેમા એક ખેડુતને વિદેશના વર્ક વીઝાના નામે લાખોમાં છેતરી લેવાયા છે. બીજી ઘટનામાં એક વૃધ્ધના બે ક્રેડીટ કાર્ડનો બારોબાર ઉપયોગ કરી પોણા ત્રેવીસ લાખ વાપરી નાંખી ઠગાઇ કરવામાં આવી હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો અમદાવાદ પંથકમાં એક ખેડુત વિઝાના નામે છેતરાયા છે. રૂપિયા સાડા છ લાખમાં લક્ઝમબર્ગના વર્ક વિઝા અપાવવાના બહાને નવરંગપુરાના વિઝા કન્સલ્ટન્ટે ડીસાના ખેડૂત પાસેથી રૂ. સાડા ત્રણ લાખ પડાવી લીધા હતા. પીસીસી તેમજ ઓફર લેટર મોકલી આપીને પૈસા પડાવ્યા બાદ ર વર્ષ સુધી વિઝા અપાવ્યા નહોતા જ્યારે રૂ. સાડા ત્રણ લાખમાંથી માત્ર રૂ. પચાસ હજાર પાછા આપી બાકી રહેલા રૂ. ત્રણ લાખ પાછા નહીં આપી છેતરપીંડી કરી હતી. પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ અનુસાર ડીસામાં રહેતા ચિંતનકુમાર બારોટ ખેતી કરે છે. ચાંદખેડામાં રહેતા ચિંતનના મિત્ર કૃણાલ રાઠોડેડીએએ બિઝનેસ કન્સલ્ટન્ટ સર્વિસ પ્રા.




લિ.ના એજન્ટ અખિલ સુભાષ ચતુર મારફતે લક્ઝમબર્ગના વર્ક વિઝાની ફાઈલ મૂકી હતી.

આથી કૃણાલે આ વિશે વાત કરતાં ચિંતન પણ સંમત થતાં બંને મિત્રો નવરંગપુરા સ્ટેડિયમ સર્કલ પાસે આવેલી ડીએએની ઑફિસે ગયા હતા. અહીં અખિલને મળતાં તેણે આ કંપનીના ડિરેક્ટર નીતાબહેન સુભાષ ચતુર અને ઉમંગીબહેન અશ્વિનભાઈ મોદી હોવાનું કહીને વાત કરી હતી. ચિંતનકુમારને વર્ક વિઝાના રૂ. ૬.૫૦ લાખ થશે તેવી વાત કરતા ચિંતનકુમાર સંમત થતા તે સમયે રૂ. ૫૦ હજાર આપ્યા હતા. ત્યાર બાદ પીસીસી અને ઓફર લેટર મોકલીને આગળની પ્રોસેસ માટે વધારે પૈસા માંગતા ચિંતનકુમારે રૂ. ૩.૫૦ લાખ આપ્યા હતા. જ્યારે ચિંતનકુમારને ક્રિપા નેપાલીસ રેન્ટોરન્ટમાં ફીનલેન્ડમાં હેલ્પર તરીકે કામ કરવાનો ઓફર લેટર આપ્યો હતો.

ત્યારબાદ પણ ચિંતનકુમારની વિઝાની પ્રોસેસ શરૂ થઈ હતી. જેથી પૈસા પાછા માંગતા તેમણે અન્ય ગ્રાહકો ટેમ્પરરી રેસિડેન્ટ કાર્ડ બતાવીને તેમની પ્રોસેસ ચાલુ હોવાની વાત કરી હતી. પરંતુ ચિંતનકુમારને શંકા જતાં તેમણે પૈસા પાછા માગતા અખિલે તેને રૂ. પચાસ હજાર પાછા આપ્યા હતા. જ્યારે અગાઉ આપેલા રૂ. ત્રણ લાખ પાછા આપ્યા ન હતા તેમજ બે વર્ષ સુધી વિઝા પણ અપાવ્યા ન હતા. જેથી આ અંગે ચિંતનકુમાર બારોટે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં અખિલ ચતુર, નીતાબહેન અને ઉમંગી મોદી વિરૂદ્ધ છેતરપિંડિની ફરિયાદ નોંધાવી હતી

બીજી તરફ બાપુનગરમાં રહેતા ત્રેસઠ વર્ષીય નિવૃત્ત વૃદ્ધના નામે જારી કરાયેલા એસબીઆઇના બે ક્રેડિટ કાર્ડનો ગેરઉપયોગ કરીને રૂ.૨૨.૭૧ લાખની ખરીદી કરવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વૃદ્ધની ફરિયાદના આધારે બાપુનગર પોલીસે એસબીઆઇ લાઇફ ઇન્શ્યોરન્સના એજન્ટ સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી વધુ

### વૃધ્ધના બે ક્રેડીટ કાર્ડનો બારોબાર ઉપયોગ કરી પોણા ત્રેવીસ લાખ રૂપિયા વાપરી નંખાયા!

તપાસ હાથ ધરી હતી. પોલીસ ફરિયાદ મુજબ બાપુનગરમાં રહેતા કિશોરભાઈ સોમાભાઈ પરમાર છેલ્લા દસેક વર્ષથી તુષાર કાંત મહાપાત્રાના સંપર્કમાં હતા. તુષાર એસબીઆઈ લાઇફ ઇન્શ્યોરન્સનો એજન્ટ હોવાથી બંને વચ્ચે વિશ્વાસભર્યો સંબંધ હતો. કિશોરભાઈએ તેની મારફતે રૂ.એક કરોડની જીવન વીમા પોલિસી લીધી હતી અને તેના પ્રીમિયમના પાંચ હપ્તા પણ ચુકવ્યા હતા.

આ દરમિયાન તુષારે કિશોરભાઈને એસબીઆઈનું ક્રેડિટ કાર્ડ અપાવવાની -ક્રિયા હાથ ધરી હતી. કિશોરભાઈને ક્રેડિટ કાર્ડની ખાસ જરૂર ન હોવાથી તેમણે તમામ કાર્યવાહી તેને સોંપી દીધી હતી. આ વિશ્વાસનો લાભ લઈને તુષારએ કાર્ડ સાથે જોડાયેલ મોબાઇલ નંબર અને ઇ-મેઇલ આઇડીમાં ફેરફાર કરી પોતાના નંબર અને ઇ-મેઇલ નોંધાવ્યા હતા. આરોપી પોતાના મોબાઇલ પર આવતા ઓટીપી મેળવી કાર્ડનો ઉપયોગ કરતો રહ્યો હતો. તપાસમાં બહાર આવ્યું છે દરમિયાન આરોપીએ વૃદ્ધના નામે જારી કરાયેલા બે અલગ-અલગ ક્રેડિટ કાર્ડ દ્વારા લાખો રૂપિયાની ખરીદીઓ કરી હતી.

## ગઠીયાઓએ વધુ એક ખેલ પાડ્યોઃ સ્ક્રેપના ધંધાના નામે વિશ્વાસ કેળવી બૂચ માર્યુ

# ત્રણ ધંધાર્થીઓને ટેન્ડરના નામે એક કરોડનો ચૂનો

### ટેન્ડર ભરીને માલ વેંચવાથી બજારમાં બમણો નફો થશે તેવી લાલચની જાળ બિછાવી છેતરપીંડી આચરી લીધી

રાજકોટઃ તા. ૮

ગઠીયાઓ રોજબરોજ અલગ અલગ તરકીબોનો ઉપયોગ કરી લાલચ આપીને લોકોને ખંખેરી રહ્યા છે. કોઇ હજારોમાં છેતરાય છે, કોઇના લાખો જાય છે અને કોઇ વાર કરોડો ઉપર ઠગાઇનો આંકડો જતો રહે છે. વધુ એક છેતરપીંડી સામે આવી છે જેમાં સ્ક્રેપના ત્રણ વેપારીઓ સાથે ટેન્ડર પાસ કરાવવાના નામે એક કરોડથી વધુની ઠગાઇ થઇ ગઇ છે.વિગતો પર નજર કરીએ તો શાહીબાગ વિસ્તારમાં સ્ક્રેપના ધંધા સાથે સંકળાયેલા ત્રણ વેપારીઓએ બાપુનગરના એક યુવા વેપારીને મોટી કમાણીની લાલચ આપીને રૂપિયા એક કરોડ દસ લાખની ઠગાઈ આચરી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. બાપુનગરમાં રહેતા અને બાકરોલ ખાતે સ્ક્રેપનો વ્યવસાય કરતા ઓગણત્રીસ વર્ષીય રાકેશભાઈ પટણીએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમની ઓળખાણ અસારવામાં રહેતા મુકેશ દીનાજી ઠાકોર સાથે થઈ હતી. મુકેશ સ્ક્રેપના ધંધામાં સંકળાયેલો હોવાથી તેણે પોતાના ભાગીદારો જુબીન બારોટ અને તેજસ પટેલ




સાથે પણ ઓળખાણ કરાવી હતી. વધુ વિગતો જોઇએ તો આરોપીઓએ રાકેશભાઈને ઇન્ડસ ટાવર અને સુઝલોન પ્રાઈવેટ લિમિટેડ કંપનીનો સ્ક્રેપ ખરીદી આપવાની વાત કરી હતી. સાથે જ ટેન્ડર ભરવાથી મોટો જથ્થો મળી રહે અને બજારમાં વેચાણ કરતાં બમણો નફો થશે તેવી લાલચ આપી હતી. આ વાતોમાં આવીને રાકેશભાઈએ અલગ અલગ સમય દરમિયાન તબક્કાવાર આરોપીઓના બેંક ખાતામાં કુલ રૂપિયા એક કરોડ ચૌદ લાખ જમા કરાવ્યા હતા. રકમ મળ્યા બાદ પણ આરોપીઓ ટેન્ડરની કોઈ વિગતો આપતા નહોતા. દરમિયાન રાકેશભાઈને જાણવા મળ્યું હતું કે મુકેશ ઠાકોરે કંપની પાસેથી સ્ક્રેપનો માલ ખરીદીને અન્ય વ્યક્તિને વેચી દીધો હતો. આ અંગે વિરોધ નોંધાવતા આરોપીઓએ માત્ર રૂ.૩.૩૦ લાખ પરત આપ્યા હતા. જોકે બાકીની રૂ.૧.૧૦ કરોડથી વધુની રકમ પરત ન આપતા અને છેલ્લા પાંચ વર્ષથી ટાળટૂળ કરતા હોવાથી આખરે વેપારીએ પોલીસનો સહારો લીધો હતો.શાહીબાગ પોલીસે મુકેશ દીનાજી ઠાકોર, જુબીન બારોટ અને તેજસ પટેલ સામે ગુનો નોંધ્યો હતો અને તપાસ શરૂ કરી હતી.બીજી તરફ લોન અપાવવાના બહાને મહિલાઓ અને અન્ય લોકોને વિશ્વાસમાં લઈ રૂપિયા પડાવી ઠગાઈ કરનાર અને છેલ્લા ૬ વર્ષથી પોલીસથી બચવા ફરાર રહેલા આરોપીની વડોદરા પોલીસે ધરપકડ કરી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી આરોપી શાહરૂખ ઉર્ફે જાવેદ હસનશા દીવાનને કરજણ તાલુકાના કણભા ગામેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. વડોદરા શહેરના વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા ગુનાઓમાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા માટે પોલીસ કમિશનર નરસિંહા કોમાર અને સંયુક્ત પોલીસ કમિશનર નિલેશ જાજડિયાના માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાન્ચની ટીમો સતત કામગીરી કરી રહી છે. આ કામગીરી દરમિયાન ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓને મળેલી બાતમીના આધારે નવાપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલા આરોપી શાહરૂખ ઉર્ફે જાવેદ હસનશા દીવાનની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આરોપી વર્ષ ૨૦૨૦માં પોતાના સાગરીતો સાથે મળીને ખોટી ફાઈનાન્સ કંપનીના નામે લોન અપાવવાના ફોર્મ ભરાવી લોકોને વિશ્વાસમાં લેતો હતો. ત્યારબાદ લોન મંજૂર કરાવવાના બહાને રૂપિયા વસૂલી લેતો હતો, પરંતુ લોન અપાવતો નહોતો. નવાપુરા વિસ્તારમાં મહિલાઓ અને અન્ય વ્યક્તિઓ પાસેથી રૂ.૧૪ હજાર મેળવી છેતરપિંડી આચરવામાં આવી હતી. ફરિયાદીએ રૂપિયા પરત માંગતા આરોપીઓએ ધમકી પણ આપી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું. આ ગુનામાં આરોપીની સંડોવણી સામે આવ્યા બાદ તે છેલ્લા છ વર્ષથી ફરાર હતો. પોલીસ તપાસથી બચવા માટે તે સતત ઠેકાણા બદલતો રહેતો હતો અને માત્ર રાત્રિના સમયે જ પોતાના ગામ કણભા ખાતે આવતો હોવાની માહિતી ક્રાઇમ બ્રાન્ચને મળી હતી. આ માહિતીના આધારે ક્રાઇમ બ્રાન્ચની ટીમે કણભા ગામમાં વોચ ગોઠવી મોડી રાત્રે આરોપીને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપીનું નામ શાહરૂખ ઉર્ફે જાવેદ હસનશા દીવાનહોવાનું જાણવા મળ્યું છે. હાલ આરોપીને વધુ કાર્યવાહી અને તપાસ માટે નવાપુરા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. પોલીસે આરોપીની અન્ય કોઈ ગુનામાં સંડોવણી છે કે નહીં તે દિશામાં પણ તપાસ શરૂ કરી હતી.

## જ્યાં નોકરી કરતાં હોય ત્યાં જ ખોટુ કરવાની વધુ એક ઘટના બની ગઇ

# શો રૂમના કર્મીએ ૪૦ લાખના દાગીના વેંચી રોકડી કરી

### શેઠની જાણ બહાર કટકે કટકે કારસ્તાન આચર્યુઃ બીજી ઘટનામાં દાંતના ડોકટરને ટૂર બૂકીંગના નામે પાંચ લાખનો ધૂંબો મારી દેવાયો

રાજકોટઃ તા. ૮

અનેક વખત એવુ બને છે જેમાં જે તે પેઢી કંપની કે શો રૂમમાં કામ કરતાં કર્મચારીઓ જ ખોટુ કરી લાખો કરોડો ખાઇ જતાં હોય છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો છે જેમાં એક શો રૂમમાં કામ કરતાં કર્મચારીએ શેઠની જાણ બહાર કટકે કટકે ચાલીસ લાખના દાગીના વેંચી મારી છેતરપીંડી આચરી હતી. બીજી ઘટનામાં એક તબીબ સાથે ટૂર બૂકીંગના નામે પાંચ લાખ ચૌદ હજારની ઠગાઇ થઇ છે. દાંતના ડોક્ટર પાસેથી રોકડા લઇ લીધા બાદ ટૂર બારોબાર રદ કરી નાંખી હતી. ટ્રાવેલ્સ સંચાલકો વિરૂધ્ધ તબિબે પોલીસ ફરિયાદ દાખલ કરાવતાં તપાસ શરૂ કરવામાં આવી હતી.પ્રથમ ઘટનાની વિગત જોઇએ તો અમદાવાદ શહેરના ઐતિહાસિક સોના-ચાંદીના બજાર માણેકચોકમાંથી સામે આવી છે. બોપલ વિસ્તારમાં રહેતા મુકેશભાઈ સોની માણેકચોકમાં દાગીનાનો વ્યવસાય કરે છે. તેમની દુકાનમાં છેલ્લા દોઢ વર્ષથી ધવલ બુરસે નામનો યુવક નોકરી કરતો હતો. મુકેશભાઈએ દુકાનનો તમામ હિસાબ-કિતાબ અને સ્ટોક સાચવવાની મુખ્ય જવાબદારી ધવલને જ સોંપી હતી. દરમિયાન ધવલ અચાનક દુકાને હાજર ન થતાં માલિકે તેને ફોન કર્યો હતો, પરંતુ તેનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ આવ્યો હતો.

ધવલનો ફોન બંધ આવતા માલિક મુકેશભાઈને શંકા ગઈ હતી. જેથી તેમણે તુરંત દુકાનના સ્ટોકની ઓડિટ તપાસ કરાવી હતી. તપાસ દરમિયાન માલૂમ પડ્યું કે છેલ્લા કેટલાક મહિનાઓમાં સ્ટોકમાંથી કુલ ૨૮૦ ગ્રામ સોનું ઓછું હતું. ધવલ પાસે જ તમામ વહીવટ હોવાથી તેણે જ આ આશરે રૂ. ૪૦ લાખના સોનાની ટુકડે-ટુકડે ચોરી કરી હોવાનું સ્પષ્ટ થયું હતું. આ અંગે મુકેશભાઈએ ખાડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ગણતરીના કલાકોમાં આરોપી ધવલ બુરસેની ધરપકડ કરી લીધી છે.

બીજી ઘટના જોઇએ તો નિકોલ વિસ્તારમાં ડેન્ટલ ક્લીનીક ધરાવતા ડોક્ટર દિનેશભાઈ નાકરાણીએ તેમના પરિવારના ૨૬ સભ્યો સાથે નેપાળના છપૈયા-પુલ્હાશ્રમની ધાર્મિક યાત્રા પર જવાનું આયોજન કર્યું હતું. એજન્સીના સંચાલકો આશિક પટેલ અને અવધ પટેલે તેમને કુલ રૂ. ૧૨ લાખનું પેકેજ સમજાવ્યું હતું.

સંચાલકોએ એવી પણ ખાતરી આપી હતી કે જો કોઈ સંજોગોમાં ટૂર રદ થશે, તો એર ટિકિટની પૂરેપૂરી રકમ પરત કરી દેવામાં આવશે. વિશ્વાસમાં આવીને ડોક્ટરે એડવાન્સ પેટે રૂ.૫.૧૪ લાખ ચૂકવી દીધા હતા. ત્યારબાદ બંને સંચાલકોએ નેપાળમાં તોફાનો શરૂ થયા છે તેથી ટૂર રદ કરવી પડી છે તેમ કહીને એક મહિનામાં પચાસ ટકા રકમ અને એર ટિકિટના પૂરા પૈસા પાછા આપવાનું વચન આપ્યું હતું. જો કે, લાંબો સમય વીતવા છતાં ટ્રાવેલ્સ સંચાલકોએ એક પણ રૂપિયો પરત ન આપી ગલ્લા-તલ્લા શરૂ કર્યા હતા. આમ ઠગાઇની વધુ બે ઘટના સામે આવી હતી. જેમાં એકમાં શો રૂમનો કર્મચારી પેઢીના માલિકને છેતરીને ચાલીસ લાખના દાગીના ખાઇ ગયો હતો. તો બીજા બનાવમાં ટૂરના નામે ટ્રાવેલ્સવાળા ફ્રોડ આચરી ગયા હતા.

## અવાર-નવાર ઘરે આવતો જતો હોઇ મિત્રની પત્નિના એકતરફી પ્રેમમાં પડી ગયો હતોઃ બે મિત્રો સાથે મળી કાસળ કાઢ્યું

# મિત્રની પત્નિને પામવા ભાઈબંધે કરી ક્રુર હત્યા

### દારૂની પાર્ટીના બહાને કારમાં બેસાડી લઇ જઇ દૂપટ્ટાથી ગળાટૂંપો દઇ હત્યા કરી લાશ ખેતરમાં ફેંકી દીધી હતીઃ એકતરફી પ્રેમી અને તેના બે મિત્રોને પોલીસે દબોચી લીધા

રાજકોટઃ તા. ૮

પ્રેમ પ્રકરણને કારણે હત્યા થયાની વધુ એક ઘટનાનો પર્દાફાશ થયો છે. એક યુવાનની ખેતરમાંથી લાશ મળી આવ્યા બાદ પોલીસે તપાસ શરૂ કરતાં આ યુવાનની હત્યા થયાનું ખુલ્યું હતું. મર્ડર મિસ્ટ્રી ઉકેલવા ટીમો કામે લાગ્યા બાદ ખળભળાટ મચાવતી વિગતો ખુલી હતી. મિત્રની પત્નિના એકતરફી પ્રેમમાં પાગલ શખ્સે મિત્રને કારમાં ગળુ દબાવી મારી નાંખ્યા બાદ લાશ ફેંકી દીધાનું ખુલ્યું હતું. પોલીસે આ હત્યામાં એકતરફી પ્રેમી સહિત ત્રણને પકડી લીધા છે.

વિગતો પર નજર કકરીએ તો ગાંધીનગર નજીક આવેલા રાંધેજા ગામની સીમમાં એક પડતર ખેતરમાંથી મળી આવેલી છત્રીસ વર્ષીય ટ્રકચાલકની હત્યાના ગુનાનો પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી નાખ્યો હતો. પેથાપુર પોલીસે આ મામલે ત્રણ આરોપીની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે મૃતકની પત્નિના એકતરફી પ્રેમમાં પાગલ ગાંધીનગર મહાનગરપાલિકાના માળીએ કાવતરૂં રચ્યું હતું. તેણે પોતાના બે મિત્રો સાથે મળીને દારૂ પાર્ટીના બહાને ટ્રકચાલકને કારમાં બેસાડ્યો હતો અને ચાલતી ગાડીમાં જ ગળું દબાવીને ઠંડા કલેજે તેની હત્યા કરી નાખી હતી.

પોલીસ સુત્રોએ જાહેર કરેલી વધુ માહિતી અનુસાર મૃતક મગનજી ઉર્ફે મનોજ પ્રહલાદજી ઠાકોર આઈવા ટ્રક ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમના પરિવારમાં પત્ની પાયલ, બે દીકરા અને એક દીકરી છે. તેઓ ઘરેથી ટિફિન લઈને નોકરી પર જવા નીકળ્યા હતા. જોકે, સાંજના સમયે તેમના પિતરાઈ ભાઈ રાહુલ ઠાકોરને ભાણા આઝાદસિંહ પરમારે ફોન કરીને જાણ કરી હતી કે, મગનજી રાંધેજા ગામના રેલવે ફાટક પાસે આવેલા હુસેનભાઈ મનસુરીના ખેતરમાં મૃત હાલતમાં પડ્યા છે. ઘટનાની જાણ થતાં




જ રાહુલ સહિતના પરિચિતો અને પેથાપુર પોલીસ મથકના પીઆઈ અંકુર દેસાઈ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી ગયા હતા.

મગનજી જમીન પર ચત્તી હાલતમાં પડેલા હતા, તેમના મોઢામાંથી લોહી નીકળતું હતું અને ગળા પર કાળો લીસોટો પડી ગયો હતો. પોલીસે લાશને પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડી હતી, જ્યાં તેમનું ગળું દબાવીને હત્યા કરાઈ હોવાનું સત્તાવાર રીતે સામે આવ્યું હતું. પોલીસે આ મામલે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. પોલીસે શંકાના આધારે ત્રણ શકમંદોને રાઉન્ડઅપ કરીને પૂછપરછ કરતાં જ સમગ્ર હત્યાકાંડ પરથી પડદો ચકાયો હતો. પોલીસ તપાસ મુજબ, રાંધેજા ગામનો લાલા ગાભાજી ઠાકોર મૃતક મગનજીનો મિત્ર હોવાથી અવારનવાર તેના ઘરે જતો હતો.

આ દરમિયાન તે મગનની પત્નિ પાયલના એકતરફી પ્રેમમાં પડી ગયો હતો. પાયલને પામવા માટે લાલાએ પોતાના બે મિત્રો સુરેશ ડાભી અને દિગ્વિજય ઉર્ફે પિન્ટુ પોપટજી ચૌહાણ સાથે મળીને મગનની હત્યાનો પ્લાન બનાવ્યો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ત્રીજી જુનના મગન નોકરી પર જવા નીકળ્યો ત્યારે શેઠે ફેરો ન હોવાનું કહેતા તે પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન પ્લાન મુજબ લાલાએ તેને ફોન કરીને મંદિરે દર્શન કરવા અને બાદમાં દારૂની પાર્ટી કરવા જવાના બહાને બોલાવ્યો હતો. મગન વિશ્વાસ રાખીને લાલાને મળવા પહોંચ્યો ત્યારે ત્યાં અગાઉથી અમદાવાદથી ચોવીસ કલાક માટે ભાડે રાખેલી કાર સાથે સુરેશ અને દિગ્વિજય પણ હાજર હતા. મગન કારમાં બેસતાં જ ત્રણેય આરોપીઓ તેને લઈને ગાંધીનગરના માર્ગો પર નીકળ્યા હતા.

આ હત્યાકાંડને અંજામ આપવા માટે મુખ્ય સૂત્રધાર લાલાએ ચિલોડાથી એક દુપટ્ટો ખરીદ્યો હતો. મગનજીને કારની આગળની સીટમાં બેસાડવામાં આવ્યા હતા. કાર જ્યારે દહેગામ-ચિલોડા રોડ પરથી પસાર થઈ રહી હતી ત્યારે પાછળની સીટ પર બેઠેલા શખ્સોએ ચાલુ કારમાં જ મગનજીના ગળે દુપટ્ટો લપેટીને પાછળથી જોરથી ખેંચીને ટૂંપો આપી દીધો હતો અને ઠંડા કલેજે તેમની હત્યા કરી નાખી હતી. બાદમાં લાશનો નિકાલ કરવા માટે તેઓ રાંધેજાની સીમમાં બાવળવાળા પડતર ખેતરમાં મૃતદેહ ફેંકીને ફરાર થઈ ગયા હતા.

હાલમાં પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આ ક્રૂર હત્યાકાંડમાં મૃતકની પત્નિ પાયલની ભૂમિકા પણ શંકાસ્પદ જણાતી હોવાથી તે દિશામાં પણ તપાસના ચક્રો ગતિમાન કરાયા હતાં. જો તપાસમાં પાયલની સંડોવણી બહાર આવશે તો તેની સામે પણ ગુનો નોંધી ધરપકડ કરવામાં આવશે. આ ઉપરાંત, પોલીસે પકડાયેલા ત્રણેય આરોપીઓને આજે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હતી.

જેથી રિમાન્ડ દરમિયાન આરોપીઓને સાથે રાખીને ઘટનાસ્થળે ક્રાઇમ સીનનું રિ-કન્સ્ટ્રક્શન સહિતની આગળની કાયદેસરની કાર્યવાહી કરી શકાય. આમ પ્રેમ પ્રકરણને કારણે વધુએક ક્રુર હત્યા થઇ ગઇ હતી.

### અલગ અલગ ત્રણ ઘટનામાં વાહન અકસ્માતની ઘાત ત્રણ પરિવારના માળા વિખેરી ગઇ

# પૂનમ ભરીને ઘરે જઇ રહેલા યુવાનને રસ્તામાં કાળ ભેટ્યો











## કારનો ચાલક ટુવ્હીલરને ઉલાળીને ભાગી ગયો

**બીજા બનાવમાં પગપાળા સુરાપુરાના દર્શને જઇ રહેલી બે મહિલાનું ટ્રકની ઠોકરે મોત**

**ત્રીજી ઘટનામાં વેપારીને દુકાન પાસે જ કારની એવી ટક્કર લાગી કે કાર અને દિવાલ વચ્ચે પીસાઇ જતાં જીવ ગયો**

રાજકોટઃ તા. ૮

ધાર્મિક કામે નીકળેલા લોકોને રસ્તામાં કાળ ભેટી ગયાની બે કરૂણ ઘટના બની જતાં હતભાગી મૃતકોના પરિવારમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી. જેમાં જોડીયા પંથકના રસનાળનો યુવાન પૂનમ ભરીને માતાજીના મઢે દર્શન કરીને પરત પોતાના ઘરે જતો હતો ત્યારે કારની ઠોકરે મોટરસાઇકલ ચડી જતાં તેનું ગંભીર ઇજા થતાં મોત થયું હતું. બીજી ઘટનામાં સરધારના હલેન્ડા નજીક પદયાત્રીઓ પૈકીના બે મહિલાના ટ્રકની ઠોકરે મોત થયા હતાં. વાહન અકસ્માતની અન્ય એક ઘટનામાં એક વેપારી પોતાની દૂકાન ખોલવા માટે આવ્યા ત્યારે દૂકાન પાસે કાર કાળ બનીને ત્રાટકી હતી. ત્રંબાની આ ઘટનામાં વેપારી સાથે જે બન્યુ તેનો વિડીયો વાયરલ થયો હતો.

વિગતો પર નજર કરીએ તો જોડીયા તાબેના રસનાળ ગામ પાસે વાહન અકસ્માતમાં રસનાળ ગામના ઉમેશભાઇ ભગવાનજીભાઇ વડગામા નામના અઠ્ઠાવીસ વર્ષના યુવાનને ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. તેનું સારવાર દરમિયાન મૃત્યુ થયાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. આ યુવાન વાંકાનેરના પંચાશીયા ગામે પૂનમ નિમીતે માતાજીના મઢે દર્શન કરી પરત ફરતો હતો ત્યારે બનાવ બન્યો હતો. રસનાળ ગામે રહેતો ઉમેશભાઇ વડગામા તા. ૫ના રોજ પૂનમ નિમીતે પંચાશીયા ગામે શ્રીચામુંડા માતાજીના મઢે દર્શન કરવા ગયો હતો.

ત્યાંથી બાઇક પર પરત પોતાના ગામ આવી રહ્યો હતો ત્યારે રસનાળ નજીક કોઇ કારની ઠોકરે ચડી જતાં બાઇક સહિત ફંગોળાઇ જતાં ગંભીર ઇજા થઇ હતી. તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ આજે સવારે મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. મૃત્યુ પામનાર ઉમેશભાઇ બે બહેન અને ચાર ભાઇમાં નાનો હતો અને સ્પીકર બોક્સ બનાવવાનું કામ કરતો હતો. તેના લગ્ન થઇ ગયા હતાં. પત્નિનું નામ ઉર્મિલાબેન છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં જોડીયા પોલીસ. તે બાઇક લઇને પંચાશીયા ગામે માતાજીના મઢે પગે લાગવા ગયો હતો. ત્યાંથી પરત આવતો હતો ત્યારે રસનાળ પાસે અકસ્માત નડ્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જોડીયા પોલીસને જાણ કરતાં વિશેષ તપાસ હાથ ધરવામાં આવી હતી.

બીજી ઘટના જોઇએ તો સરધાર નજીક હલેન્ડા ગામ પાસે ગઇકાલે વહેલી સવારે જીવલેણ અકસ્માતની ઘટના બની હતી. જેમાં ગોંડલથી પગપાળા લોઠડા ગામેથી નજીકના બળધોઇ ગામે કુકડીયા પરિવારના સુરાપુરાના દર્શને જઇ રહેલા કોળી પરિવારના પદયાત્રીઓ પૈકી બે મહિલાને ટ્રકે ઠોકરે ચડાવતાં બંનેના કમકમાટી ભર્યા મોત થયા હતાં. ગોંડલ સુરેશ્વર મંદિર પાસે રહેતાં બત્રીસ વર્ષના કિરણબેન શૈલેષભાઇ ધોરીયા, તેના કુટુંબી સગા ગોંડલના મકનપરના પાંત્રીસ વર્ષના ભાનુબેન લક્ષ્મણભાઇ ચીરોડીયા તેમજ બીજા કુટુંબીજનો મળી સાતેક જણા લોઠડા ગામેથી પગપાળા બળધોઇ ગામે સુરાપુરાના દર્શન કરવા જતાં હતાં.

આ દરમિયાન હલેન્ડા નજીક માટેલ હોટલ પાસે આ પદયાત્રીઓ વિસામો લેવા-ચા-પાણી નાસ્તા માટે ઉભા રહ્યા હતાં. આ વખતે પુરઝડપે આવેલા ટ્રકે કિરણબેન, ભાનુબેન અને કિરણબેનના પતિ શૈલેષભાઇને ઠોકરે ચડાવી દીધા હતા. જેમાં કિરણબેન અને ભાનુબેનને ગંભીર ઇજાઓ પહોંચી હતી અને શૈલેષભાઇનો નજીવી ઇજા સાથે બચાવ થયો હતો. બંને મહિલાને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેસડાઇ હતી. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. બનાવને પગલે પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસ સ્ટેશનના પીએસઆઇ ગોહિલ, હેડકોન્સ. તેજપાલસિંહ સરવૈયા સહિતે જરૂરી કાર્યવાહી કરી હતી. ઇજાગ્રસ્ત શૈલેષભાઇની ફરિયાદ પરથી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર કિરણબેન ધોરીયાના પતિ ખેત મજુરી કરે છે. તેમને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. જ્યારે બીજા મૃતક ભાનુબેનના પતિ પણ ખેતી કરે છે અને સંતાનમાં બે દિકરી તથા એક દિકરો છે. આ બનાવથી ગોંડલ, મકનસરના પરિવારોમાં શોક વ્યાપી ગયો હતો.

ત્રીજી કરૂણ ઘટના જોઇએ તો રાજકોટ-ભાવનગર હાઇવે પરના ત્રંબામાં એક ગમખ્વાર અને અરેરાટી ઉપજાવતો અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રંબામાં રહેતાં એક વેપારી પોતાની દૂકાન ખોલવા માટે દૂકાન પાસે પહોંચ્યા ત્યાં જ એક બેકાબૂ કાર ઇંટોના ઢગલા પર થઇ તેમની માથે આવી જતાં તે દૂકાન પાસેની પાળી અને કાર વચ્ચે દબાઇ જતાં કમકમાટી ભર્યુ મોત થયું હતું. ત્રંબામાં મેઇન બજારમાં રહેતાં કનૈયાલાલ દામજીભાઇ બારસીયા નામના અઠાવન વર્ષના વેપારી બપોરે પોણા બે વાગ્યા આસપાસ ત્રંબામાં આવેલી પોતાની પૂજા એગ્રો નામની દૂકાને આવ્યા હતાં.

દૂકાનથી તેઓ અમુક ડગલા જ દુર હતાં ત્યારે અચાનક પાછળથી પુરઝડપે કાર આવી હતી અને તે કાર તથા દૂકાનની દિવાલ-પાળી વચ્ચે દબાઇ જતાં ગંભીર ઇજા થઇ હતી. બનાવને પગલે લોકો ભેગા થઇ જતાં કનૈયાલાલને બહાર કાઢી બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ તેમને તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર કનૈયાલાલ ચાર ભાઇમાં નાના હતાં. સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે જેના લગ્ન થઇ ગયા છે. કનૈયાલાલ પોતે પરિવારનો આધારસ્તંભ હતાં. કાર ભાવનગરથી રાજકોટ તરફ આવી રહી હતી. જેમાં એક ચાલક અને ત્રણ મહિલા સદસ્ય બેઠા હતાં. આ ઘટનાને પગલે કારમાં બેઠેલા મહિલાઓ ખુબ ડરી ગયા હતાં અને રડવા માંડતાં લોકોએ શાંત પાડ્યા હતાં. કારચાલકે પોતાની ભુલ સ્વીકારી હતી. આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. આ બનાવના સીસીટીવી ફુટેજ પણ વહેતા થયા હતાં. આ ઘટનામાં પોલીસે કારચાલક સામે કાર્યવાહી કરી હતી.

### માસુમ બાળીઓ ઉપર ઘાતઃ ત્રણ ચોંકાવનારી અને ચર્ચા જગાવનારી ઘટનાઓ

# હસતી રમતી બાળાનું હાર્ટએટેકથી મોત

## જામનગર-ટંકારાનો પરિવાર રાજકોટના રિસોર્ટમાં પુરૂષોત્તમ માસના જમણ માટે આવ્યો ત્યારે લાડકવાયીનું મોત થયુંઃ બીજી ઘટનામાં સાત વર્ષની બાળાને ઝાડા-ઉલ્ટી ભરખી ગયાઃ ત્રીજી ઘટનામાં સોળ વર્ષની બાળાને પોતાના જ ઘરમાં ગળામાં થઇ ગંભીર ઇજાઃ પોલીસે શરૂ કર્યો તપાસનો ધમધમાટ

રાજકોટઃ તા. ૮

હાર્ટએટેકથી મૃત્યુની સતત બની રહેલી ઘટનાઓ વચ્ચે એક પંદર વર્ષની બાળાનું રમતાં રમતાં હૃદય બંધ પડી જતાં મોત થયું છે. આ ઘટના સીસીટીવી કેમેરામાં પણ કેદ થઇ છે. જામનગર, ટંકારાના પરિવારજનો રાજકોટના જામનગર રોડ પર રિસોર્ટમાં પુરૂષોત્તમ માસના જમણવાર માટે આવ્યા ત્યારે પરિવારની પંદર વર્ષની બાળા બીજા ભાઇ-ભાંડરડા સાથે દોડતી, રમતી હતી ત્યારે એકાએક ઢળી પડતાં બેભાન હાલતમાં હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ તેનું મૃત્યુ થયું હતું. પોસ્ટમોર્ટમ થતાં તેનું હૃદય બંધ પડી ગયાનો રિપોર્ટ આવતાં પરિવારજનો ચોંકી ગયા હતાં. બીજી ઘટનામાં સાત વર્ષની બાળકીને ઝાડા-ઉલ્ટી થયા બાદ મોત થયું હતું. ત્રીજી એક ઘટનામાં એક બાળકી તેના જ ઘરમાંથી ભેદી રીતે ઇજા થયેલી હાલતમાં મળી આવતાં સારવાર માટે દાખલ કરાઇ હતી.

વિગતો પર નજર કરીએ તો હૃદય ધબકારા ચુકી જવાને કારણે મૃત્યુની ઘટનાનું પ્રમાણ ખુબ વધી ગયું છે. યુવાનો અને તરૂણો પણ ઘણીવાર ભોગ બની જાય છે. આવી જ એક કરૂણ ઘટના રાજકોટ-જામનગર હાઇવે પર આવેલા અનંતા રિસોર્ટમાં બની છે. જેમાં જામનગરના લોહાણા પરિવારની પંદર વર્ષની દિકરી બીજા બાળકો સાથે પકડમપટ્ટી રમતી હતી ત્યારે અચાનક ઢળી પડતાં બેભાન થઇ ગઇ હતી. તેણીને હોસ્પિટલમાં ખસેડાઇ હતી પરંતુ ટુંકી સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

પુરૂષોત્તમ માસ નિમીતે જમણવારનું આયોજન કરાયું હોઇ પરિવારજનો અહિ જામનગરથી આવ્યા હતાં. જામનગર બરધન ચોક મોટાફળીમાં રહેતાં અને સ્ટુડીયો ચલાવતાં રાજશેભાઇ મોદી-લોહાણા ગઇકાલે પોતાના પત્નિ તૃપ્તીબેન, દિકરો, દિકરી સહિતના સગા સંબંધીઓ સાથે રાજકોટના જામનગર રોડ પરના અનંતા રિસોર્ટમાં જમવા માટે આવ્યા હતાં. પુરૂષોત્તમ મહિનો ચાલી રહ્યો હોઇ રાજશેભાઇ મોદીના ટંકારા રહેતાં સાળા ગોપાલભાઇ કટારીયાએ આ જમણવારનું આયોજન કર્યુ હતું. અહિ સવારે દસેક વાગ્યે રાજેશભાઇની દિકરી આનંદી મોદી જે પંદર વર્ષની હતી તે તથા બીજા બાળકો રમતાં હતાં. પકડમપટ્ટીની રમત રમતી વખતે તેણી દોડતી વખતે અચાનક ઢળી પડી હતી.

આ બનાવની જાણ થતાં પરિવારજનો દોડી આવ્યા હતાં અને આનંદીને તુરત જ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ તેણીનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પીએસઆઇ પટેલે જરૂરી કાર્યવાહી કરી હતી.રાજેશભાઇના જણાવ્યા મુજબ તેમને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે જેમાં આનંદી નાની હતી અને આ વર્ષે જ ધોરણ-૯ પાસ કરી ૧૦માં ધોરણમાં પ્રવેશી હતી. પોસ્ટમોર્ટમ થતાં હૃદય બંધ પડી ગયાનો રિપોર્ટ આવ્યો હતો. વ્હાલસોયી દિકરીના મૃત્યુથી પરિવારજનોમાં ગમગીની વ્યાપી ગઇ હતી. પંદર જ વર્ષની બાળાનું હાર્ટએટેકથી મોત થયાની વાતથી પરિવારજનોમાં કલ્પાંત વ્યાપી ગયો હતો. તો આવડી ઉમરના બાળકોને પણ હૃદય રોગના હુમલા આવી શકે તે જાણીને સૌ ચોંકી ગયા હતાં.

બીજી ઘટના જોઇએ તો શાપરમાં ભુમિ ગેઇટની અંદર શ્રીહરિ ઇન્ડ્રસ્ટ્રીઝ કંપનીમાં કામ કરતાં અને ત્યાં ક્વાર્ટરમાં રહેતાં ગુડ્ડુભાઇ રાજભરની દિકરી શિવાંગી નામની સાત વર્ષની દિકરીને ઝાડા-ઉલ્ટી થઇ જતાં બેભાન જેવી થઇ જતાં સારવાર માટે રાજકોટ ખસેડાતાં કે. ટી. ચિલ્ડ્રન હોસ્પિટલના ઝનાના વિભાગમાં દાખલ કરાઇ હતી. તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. હોસ્પિટલ મારફત જાણ થતાં શાપર પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. શિવાંગી બે બહેન અને ત્રણ ભાઇમાં મોટી હતી. મુળ યુપીના ગુડ્ડુભાઇ રાજભર કંપનીમાં મજુરી કરે છે. દિકરીના મૃત્યુથી પરિવારજનોમાં શોક વ્યાપી ગયો હતો.

ત્રીજી એક ઘટનામાં પણ બાળકી પીડાનો ભોગ બની છે. ચોટીલાના મોણપર ગામે એક ચકચાર જગાવતી ઘટના બની છે. જેમાં એક સોળ વર્ષની બાળા તેના ઘરમાંથી ગળામાં ગંભીર ઇજા સાથે લોહીલુહાણ મળતાં સારવાર માટે રાજકોટ ખસેડાઇ છે. તે કંઇ બોલી શકતી ન હોઇ ઘટના શું બની? તેની તપાસ પોલીસે હાથ ધરી હતી. મોણપર રહેતી કુંજલ મુકેશભાઇ રોજાસરા નામની સોળ વર્ષની બાળકી બપોરે એકાદ વાગ્યે ઘરમાં ગળામાં ઇજા સાથે મળતાં ચોટીલા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

વધુ માહિતી મુજબ કુંજલ ૧૧મા ધોરણમાં ભણે છે. તે એક ભાઇ, બે બહેનમાં નાની છે. પિતા મુકેશભાઇ સેન્ટીંગ કામની મજુરીએ ગયા હતાં, ભાઇ-બહેન વાડીએ હતાં અને માતા સોનલબેન બહાર કપડા ધોતાં હતાં ત્યારે આ ઘટના બની હતી. માતા ઘરમાં આવ્યા ત્યારે દિકરી ગળામાં ઇજા સાથે લોહીલુહાણ જોવા મળતાં દેકારો મચાવ્યો હતો. આસપાસના લોકો ભેગા થઇ જતાં કુંજલને ચોટીલા અને બાદ રાજકોટ સારવાર માટે ખસેડાઇ હતી. તેણીએ કોઇ કારણે જાતે ઇજા પહોંચાડી કે બીજુ કંઇ બન્યું? તેની તપાસ પોલીસ કરી રહી છે. ગળામાં ગંભીર ઇજા થઇ હોઇ બાળકી કંઇ બોલી શકતી ન હોવાથી પોલીસ વિશેષ નિવેદન નોંધી શકી નથી.



## પાડાના વાંકે પખાલીને ડામ જેવી મહાનગરપાલિકાની સ્થિતિ ?

# જયમીન ઠાકરે મંજુર કરેલા ૮૪૬ કરોડના ૯૧ કામો સ્થગિત

### વધુ અભ્યાસ અર્થે નવનિયુકત હોદ્દેદારોએ આ તમામ કામોને મુકયા હોલ્ડ ઉપર : ભ્રષ્ટાચારની બૂ વચ્ચે હોદ્દેદારોના નિર્ણયથી રાજકીય ખળભળાટ



રાજકોટ,તા.૮

મહાનગરપાલિકાના નવનિયુકત હોદ્દેદારો દ્વારા ખાસ એ વાત ઉપર ધ્યાન કેન્દ્રીયત કરવામાં આવી રહ્યું છે કે વધુને વધુ લોક ઉપયોગી કામો હાથ ધરવામાં આવે અને તે પણ ઝડપભેર પૂર્ણ કરી શકાય જેથી યોગ્ય લાભ અને સમયસર લાભ રહેવાસીઓને મળતો રહે. નવનિયુકત મેયર નેહલ શુકલ પદભાર સંભાળતાની સાથે જ વિવિધ વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા કરી હાય લેવલ બેઠક પણ બોલાવી હતી. જેમાં એ વાત પર કેન્દ્રીત કરવામાં આવ્યું હતું કે જે જે પ્રોજેકટો બાકી હોય તે પૂર્ણ કરવામાં આવે અને જે રીતે લોકોને હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે તે ન કરવો પડે.

ગત ટર્મના સ્ટેન્ડીંગ ચેરમેન જૈમીન ઠાકર દ્વારા કરોડોના કામોને મંજુરી આપી દીધી હોવાની જાણ થઈ હતી એટલું જ નહીં જે તે વખતે હાલના મેયર સ્ટેન્ડીંગ કમીટીના સભ્ય તરીકે પણ પોતાની જવાબદારી નિભાવતાં હતાં. તે સમયે તેમના દ્વારા અનેકવિધ પ્રોજેકટો અંગે વિરોધ નોંધાવ્યો હતો. પરંતુ પૂર્વ સ્ટેન્ડીંગ ચેરમેન દ્વારા આંખ આડા કાન કરી પોતાની મનમાની ચલાવવામાં આવી હોય તેવું ચિત્ર ઉભું થયું હતું.

રાજકીય વર્તુળોમાં એ વાતની પણ ચર્ચાએ જોર પકડયું કે પૂર્વ સ્ટેન્ડીંગ ચેરમેન દ્વારા અનેકવિધ રીતે ગેરરીતિઓ આચરવામાં આવેલી છે. જે અંગેની ચર્ચાએ રાજકારણ ગરમાવ્યું છે. જેથી નેહલ શુકલ દ્વારા અધિકારીઓને સુચિત કરવામાં આવ્યા છે કે પૂર્વ સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન દ્વારા જે કામો મંજુર કરવામાં આવ્યા તે કામો ૨૦ ટકા કે તેથી ઓછી માત્રામાં કામ થયેલું હોય તે તમામ પ્રોજેકટ હોલ્ડ ઉપર મુકવામાં આવે જેમાં પ્રર્વતમાન બોડી દ્વારા તેનો યોગ્ય અભ્યાસ કર્યા બાદ જ નિર્ણય લેવામાં આવે તેવું તેઓએ જણાવ્યું હતું. આ બાબતે હાલના સ્ટેન્ડીંગ ચેરમેન પરેશ પીપળીયાએ પણ એ તમામ કામોની યાદી તૈયાર કરવાનો આદેશ સંભવિત વિભાગનાં અધિકારીઓને કર્યો છે. જે અંગે કામગીરી જેટગતિએ ચાલી રહી છે. મળતી માહિતી મુજબ અને મહાનગરપાલિકાના અંગત સુત્રોના જણાવ્યા અનુસાર જૈમીન ઠાકર હસ્તકના કુલ ૯૮ કામો કે જેની કિંમત ૮૪૬ કરોડથી વધુની છે તેવા કામોને હોલ્ડ ઉપર મુકી દેવાયા છે.

ભૂતપૂર્વ સ્ટે.ચેરમેન દ્વારા સેન્ટ્રલ ઝોન, વેસ્ટ ઝોન, ઈસ્ટ ઝોન તથા વોટર મેનેજમેન્ટ યુનિટ જેમાં વોટર વર્કસ પ્રોજેકટ, ડ્રેનેજ પ્રોજેકટ, ગાર્ડન, રોશની, વર્કશોપ, આર.આર.એલ અને ફલેગશીપ પ્રોજેકટ અંતર્ગત અનેકવિધ હેડ હેઠળ ગ્રાંટ લેવામાં આવી હતી. જેનો યોગ્ય ઉપયોગ થયો ન હોવાનું પણ હાલ ચર્ચાઈ રહ્યું છે. જે વાતની ગંભીરતાને ધ્યાને લઈ મહાનગરપાલિકાના હોદ્દેદારો દ્વારા એ તમામ પ્રોજેકટ કે જેની પ્રગતિ ૨૦ ટકા કે ૨૦ ટકાથી ઓછી હોય તે તમામ ને સ્થગિત કરી દેવાયા છે જે અંગે રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે કારણ કે સુત્રોના જણાવ્યા અનુસાર અને મહાનગરપાલિકામાં ગણગણાટના પગલે એ વાત સામે આવી રહી છે કે જે પ્રોજેકટ સ્થગિત કરવામાં આવ્યા હોય તેમાં કયાંકને કયાંક નાણાંકીય લેવડ દેવડ થઈ હોવાની સંભાવના નકારી શકાય તેમ નથી જે ને લઈને હાલના હોદ્દેદારો દ્વારા આ અંગે નિર્ણય લેવાયો છે.





### ૮૪૬ કરોડના વર્ક ઓર્ડર બાદ અંડર ટેબલના 'વહીવટ'નું શુ ? તેવું RMC પ્રાંગણમાં ભારે ચર્ચા

વિવિધ ગ્રાંટ અંતરગ્રત રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ સ્ટેન્ડીંગ ચેરમેન જૈમીન ઠાકર દ્વારા વિવિધ ગ્રાંટનો ઉપયોગ કરી અનેકવિધ વિકાસ કાર્યો હાથ ધરવા નિર્ણય લેવામાં આવ્યો હતો. પરંતુ વાસ્તવિકતા એ છે કે તે તમામમાંથી ૮૪૬ કરોડની ગ્રાંટના ૯૮ કામ હાલ નવનિયુકત બોડી દ્વારા મુલત્વી રાખી દેવામાં આવ્યા છે કારણ કે રાજકીય વર્તુળોમાં એ વાત નો ગણગણાટ થઈ રહ્યો છે કે ૮૪૬ કરોડના વર્ક ઓર્ડર આપ્યા હોય તો કોઈપણ પક્ષ અંડર ટેબલ રકમની લેતી દેતી કરતી હોય છે ત્યારે હવે આ કિસ્સામાં શું થશે ? તેવું આર.એમ.સી.ની લોબીમાં ચર્ચાઈ રહ્યું છે. જો કામો રદ કરવામાં આવે તો અંડર ટેબલ થયેલા વ્યવહારોનું શું તે અંગે પણ ચર્ચાએ જોર પકડયું છે. ભૂતકાળમાં અનેકવિધ કામોનો વિરોધ હાલના મેયર નેહલ શુકલ દ્વારા કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં વેસ્ટ ઝોનમાં કરોડો રૂપિયાના વિકાસ કામો કોઈ યોગ્ય અભ્યાસ વર્ગર મંજુર કરી દેવાના નિર્ણયથી જે તે સમયે મહાનગરપાલિકામાં ઉહાપોહ મચ્યો હતો અને નેહલ શુકલ દ્વારા તેનો વિરોધ પણ કરવામાં આવ્યો હતો.

### સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૭૧ કામો અટકાવાયા

મહાનગરપાલિકા દ્વારા અનેકવિધ ગ્રાંટનો ઉપયોગ વિકાસ કામો અર્થે કરવામાં આવતો હોય છે તેમાં પૂર્વ સ્ટેન્ડીંગ ચેરમેન દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અનેંકવિધ કામો મંજુર કરવામાં આવ્યા હતાં. જેમાંથી ૭૧ કામ એવા છે કે જેની પ્રગતિ ૨૦ ટકાથી પણ વધુની નથી તે તમામને નવનિયુકત હોદ્દેદારો દ્વારા મુલત્વી અને સ્થગિત કરી દેવાયા છે. આ યોજના અંતર્ગત શહેરને માળખાગત સુવિધાઓથી સુસજ્જ કરવા અને શહેરી વિસ્તારના રહેવાસીઓને જરૂરી તમામ સુવિધા પુરી પાડવા નાણાનો ઉપયોગ કરવામાં આવતો હોય છે પરંતુ આ કામગીરી કરવામાં સંબંધીત વિભાગનાં અધિકારીઓ ઉણા ઉતર્યા હોવાનું માલુમ પડયું છે અને આશરે ૭૧ જેટલા કામોમાં ૨૦ ટકા જેટલી પ્રગતિ ન હોવાના કારણે તેને સ્થગિત કરી દેવાયા છે.

### અમૃત યોજના અંતર્ગત ૬ કામો સ્થગિત

અમૃત યોજના એટલે કે અટલ મિશન ફોર રિજુવેનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન કે જેનાથી શહેરમાં પીવાના પાણીનો સ્ત્રોત તે તમામ મિલ્કત ધારકોને  આપવામાં આવે કે જેઓ પીવાના પાણીથી વંચિત હોય. સાથોસાથ ગટરના પાણી એટલે કે ભુર્ગભની પણ યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા અને શહેરનું ભુર્ગભ જળનું ૧૦૦ ટકા યોગ્ય નિકાલ થાય તે હેતુસર સરકાર દ્વારા ગ્રાંટની ફાળવણી કરવામાં આવતી હોય છે. એટલું જ નહીં પ્રદુર્ષણ મુકત શહેર બનાવવા માટે ગ્રીન કવર અને વધુને વધુ વૃક્ષારોપણ થાય અને યોગ્ય પાણી વ્યવસ્થા ઉભી કરી શકાય  તે હેતુસર આ ગ્રાંટની ફાળવણી કરવામાં આવીત હોય છે પરંતુ કયાંકને કયાંક આ કામમાં ભ્રષ્ટાચારની બૂ આવતાં નવનિયુકત હોદ્દેદારોએ અમૃત યોજના અંતર્ગત છ કામોને સ્થગિત કરી દીધા છે.

# શૈક્ષણિક ક્ષેત્રનો પ્રારંભ છતાં નથી મળ્યા પુસ્તકો

### સરકારી - ગ્રાન્ટેડ શાળામાં વિદ્યાર્થીઓની હાલત કફોડી, એક માસ બાદ પુસ્તકો આવે તેવી શક્યતા

રાજકોટ, તા..૮

ગઈકાલથી સમગ્ર રાજ્યમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ચૂક્યો છે અને વિદ્યાર્થીઓ પણ અભ્યાસ અર્થે શાળાએ પ્રથમ દિવસે પહોંચ્યા હતા પરંતુ વાસ્તવિકતા અને કરુણતા તો ત્યારે માલુમ પડી કે રાજ્યની સરકારી તથા ગ્રાન્ટ ઇન એડ શાળાઓમાં હજુ પણ વિદ્યાર્થીઓને પોતાના પુસ્તકો મળ્યા નથી.. અને હજુ એક માસ જેટલો સમય પુસ્તકોમાં લાગે તો નવાઈ નહીં ત્યારે એક માસ સુધી વિદ્યાર્થીઓને શિક્ષકો શું અભ્યાસ કરાવશે તે અંગે પણ અનેકવિધ સવાલો ઉઠી રહ્યા છે. એટલું જ નહીં નબળા આયોજનના કારણે હાલ વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તકો થી વંચિત જોવા મળ્યા છે જેની યોગ્ય વ્યવસ્થા તાકીદે તંત્ર દ્વારા ઊભી કરવામાં આવે તે અંગે એક નહીં અનેકવિધ અરજીઓ તથા રજૂઆતો પણ શિક્ષણ વિભાગ ને કરવામાં આવી હોવાનું જાણકાર



વર્તુળો કહી રહ્યા છે. શૈક્ષણિક ક્ષેત્રની શરૂઆતના પ્રથમ દિવસે જ તંત્રની ગંભીરતા સામે અનેકવિધ સવાલો ઉભા થયેલા છે જે અંગે યોગ્ય નિર્ણય અને વ્યવસ્થા ઊભી કરવા માટે હાલ અધિકારીઓને પણ રજૂઆતો વિવિધ સંગઠનો દ્વારા કરવામાં આવી રહી છે. હાલ મહત્વના પુસ્તકો ઉપલબ્ધ ન હોવાના કારણે શિક્ષકો વિદ્યાર્થીઓને શું અભ્યાસ કરાવે તે અંગે પણ ઘણા ખરા સવાલો ઊભા થયા છે એટલું જ નહીં આ એક માસના સમયગાળામાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને કઈ રીતે અભ્યાસ કરાવવામાં આવશે તે હવે જોવાનું રહ્યું. ત્યારે સરકારે પણ ખાસ આ બાબતે યોગ્ય વ્યવસ્થા ઉભી કરી વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારની હેરાનગતિનો સામનો ન થાય તે માટેની યોગ્ય તકેદારી રાખવામાં આવે તેવી અપીલ કરવામાં આવી રહી છે.

દર વર્ષે શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પૂર્વે જ પુસ્તકો પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે પરંતુ આ વખતે કોઈ કારણોસર ઘણો વિલંબ થયો છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા શાળા વિકાસ સંકુલ મારફતે જ તમામ જગ્યાઓ પર પુસ્તકોનું વિતરણ કરવામાં આવતું હોય છે પરંતુ નવા શૈક્ષણિક ક્ષેત્રની શરૂઆત થઈ જવા છતાં પણ હજી સુધી વિદ્યાર્થીઓને જરૂરી પુસ્તકો મળ્યા નથી અને હજુ એક માસ જેટલો સમય લાગે તેવું સૂત્રો દ્વારા જણાઈ રહ્યું છે. જ્યાં સુધી વિદ્યાર્થી ઓને યોગ્ય પુસ્તક ન મળે ત્યાં સુધી વિદ્યાર્થીઓ નો અભ્યાસ ઘણા ખરા અંશે અટકી પડે તેમ છે અને હજુ પણ એક માસ જેટલો સમય લાગે તેવું જાણવા મળ્યું છે જેને લઈને હાલ શિક્ષણ જગતમાં પણ વપરાતા ફી નો માહોલ જોવા મળ્યો છે.બીજી તરફ નવા સત્રના પ્રથમ દિવસે જ પુસ્તકો ઉપલબ્ધ ન હોવાના કારણે તંત્રની આયોજન ક્ષમતા સામે પ્રશ્નો ઊભા થયા છે. હવે વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં પુસ્તકો ક્યારે મળશે તેની રાહ જોઈ રહ્યા છે. જો કે હજુ પણ જૂન સુધી પુસ્તકો શાળાઓને મળે તેવું કોઈપણ પ્રકારનું આયોજન ન થયું હોય તેવું લાગી રહ્યું છે.

ક્ષેત્રના જાણકાર તજજ્ઞોએ જણાવ્યું હતું કે આ પ્રકારની પરિસ્થિતિ ઊભી થાય તે યોગ્ય નથી ત્યારે ખરા અર્થમાં સરકારે અને શિક્ષણ વિભાગ દ્વારા ખાસ નક્કર પગલા લેવા જોઈએ જેથી શૈક્ષણિક કાર્યને કોઈ અસર ન પહોંચે અને વિદ્યાર્થીઓ સરળ રીતે તેમનું શૈક્ષણિક કાર્ય કરી શકે.

### મિલકત ભયગ્રસ્ત હોવાના લગાવાયા ચેતવણી બોર્ડ : તુર્તમાં વીજ - નળ જોડાણ કપાશે

# ભગતસિંહ ગાર્ડન નજીક હાઉસિંગ બોર્ડના ભયગ્રસ્ત ક્વાર્ટર અંગે ચેતવણી

રાજકોટ, તા. ૮

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૦ વિસ્તારમાં ભગતસિંહ ગાર્ડન પાસે આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડ (GHB) ના ક્વાર્ટર્સ અત્યંત જર્જરિત તથા ભયગ્રસ્ત હાલતમાં આવેલ છે. આ બાબતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંબંધિત રહેવાસીઓ/આસામીઓને અગાઉ વિવિધ તબક્કે કાયદેસરની નોટિસો પાઠવવામાં આવેલ છે તેમજ સ્થળ પર ભયગ્રસ્ત મિલકત અંગેના ચેતવણી બોર્ડ પણ લગાવવામાં આવેલ છે.




ક્વાર્ટર્સ અંગે કરવામાં આવેલ ટેકનિકલ તપાસ અને સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી રિપોર્ટ મુજબ ઈમારતો માનવ વસવાટ માટે અયોગ્ય તથા જોખમી હાલતમાં હોવાનું નોંધાયેલ છે. ચોમાસાની ઋતુ નજીક હોય અને ભારે વરસાદ, પવન કે અન્ય કુદરતી પરિસ્થિતિઓ દરમિયાન જાનમાલને નુકસાન થવાની સંભાવના રહેલી છે.

આથી જાહેરજનતા તથા સંબંધિત રહેવાસીઓના ધ્યાનાર્થે જણાવવામાં આવે છે કે ઉપરોક્ત ભયગ્રસ્ત ક્વાર્ટર્સ અંગે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી દિવસોમાં પાણીના જોડાણો બંધ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. તેમજ વીજ પુરવઠો બંધ કરવા બાબતે સંબંધિત વિભાગને જરૂરી ભલામણ કરવામાં આવનાર છે. સર્વે સંબંધિતોએ આ બાબતની ગંભીર નોંધ લેવા વિનંતી.

# સુશાસન વર્ષની ઉજવણી અંતર્ગત મનપાના હોદ્દેદારો ગાંધીનગરમાં

### સાંઢીયા પુલના લોકાર્પણની તારીખ તથા વિવિધ સમિતિઓની રચનાનું કોકડું હજુ ગૂંચવાયેલું



રાજકોટ, તા. ૮.

હાલ સમગ્ર દેશમાં વડાપ્રધાન મોદીના સુશાસન પર્વની ઉજવણી થઈ રહી છે જેમાં ભાજપ દ્વારા સ્વચ્છતા અભિયાનને વધુને વધુ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે મળતી માહિતી મુજબ હાલ તમામ મહાનગરપાલિકાના હોદ્દેદારોને ગાંધીનગર ખાતે બોલાવવામાં આવ્યા છે જ્યાં વિવિધ કાર્યક્રમો ની હાર માળા સર જોવા માટે તેઓને સૂચિત પણ કરાયા હોય તેવું જણાઈ રહ્યું છે. જેને ધ્યાને લઈ રાજકોટ મહાનગરપાલિકાના મેયર તથા સ્ટેન્ડિંગ ચેરમેન ગાંધીનગર પહોંચ્યા હોવાનું પણ હાલ સામે આવ્યું છે જ્યાં તેઓ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષ સાથે પણ બેઠક કરશે. એટલું જ નહીં રાજકોટ માં સાંઢીયા પુલનું કામ હાલ પૂર્ણ થઈ ચૂક્યું છે પરંતુ ક્યાંક ને ક્યાંક તંત્ર અને એજન્સીની કામગીરીના અભાવના પગલે હજુ સુધી તે બ્રિજ ખુલ્લો મુકવામાં આવ્યો નથી તો બીજી તરફ મહાનગરપાલિકાને વિવિધ સમિતિઓની જે રચના કરવામાં આવનાર છે તે પણ હજુ બાકી છે જેને લઈને પદાધિકારીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી હોવાનું હાલ જણાઈ રહ્યું છે. એટલું જ નહીં સાંઢિયા પુલની કામગીરીના કારણે ઘણા ખરા અન્ય પ્રશ્નો પણ ઊભા થયા છે ત્યારે તેનું યોગ્ય નિવારણ લાવવામાં આવે તે હેતુસર હાલ તમામ જરૂરી પગલાઓ લેવા માટે અધિકારીઓને પણ સૂચિત કરવામાં આવ્યા છે પરંતુ બ્રિજ ક્યારે લોકો માટે ખુલ્લો મુકવામાં આવશે તે અંગે અનેકવિધ સવાલો થતા હાલ લોકોમાં આ અંગે કુતુહલ સર્જાયું છે. બીજી તરફ વિવિધ સમિતિઓની રચનાની જાહેરાત પણ પ્રદેશ કક્ષાએથી જ થાય અને તેમના દ્વારા લેવામાં આવેલા નિર્ણય બાદ જ આ અંગે યોગ્ય પગલા ભરવામાં આવે તેવું હાલ સુત્રો જણાવી રહ્યા છે. ગાંધીનગર ખાતે પદાધિકારીઓને જે બોલાવવામાં આવ્યા છે તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે હાલ સુશાસન વરસ ચાલતું હોવાના પગલે અત્યારથી જ વિવિધ કાર્યક્રમો મહાનગરોમાં સ્વચ્છતા અંતર્ગત હાથ ધરાય તે હેતુસર પદ અધિકારીઓને સૂચિત કરાયા છે. જેથી હવે જોવાનું રહ્યું કે વિવિધ પગલાંઓ અને કાર્યક્રમોનું આયોજન ધરાધઢ મહાનગરપાલિકા હાથ ધરશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી ગાંધીનગર ખાતે મહાનગરપાલિકાના તમામ પદાધિકારીઓને નવા આયોજનો અંગે માર્ગદર્શન આપવા બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટથી મેયર ડો.નેહલ શુકલ, સ્ટે.ચેરમેન પરેશ પીપળીયા સહિતની ટીમ ગાંધીનગર ગઇ છે. તો પ્રજાના જે સીધી અપેક્ષા છે એ સાંઢીયા પુલની જગ્યાએ નવા બનેલા ફોરલેન બ્રીજના ઉદઘાટનની તારીખ પણ આજે પદાધિકારીઓ હર્ષભાઇ સંઘવી પાસેથી મેળવવા ધ્યાને દોરે તેવી શકયતા છે.

બીજી તરફ મનપામાં હજુ ૧૫ પેટા સમિતિની રચના પણ બાકી છે. નવા ચૂંટાયેલા કોર્પોરેટરો આ નિમણુંકોની રાહ જોઇ રહ્યા છે. પરંતુ  પાર્ટીએ પૂરા રાજય માટે આ કાર્યવાહી બાકી રાખી છે. હવે પ્રદેશ સ્તરેથી જ આ રચના ફાઇનલ થાય તેવા ફેરફારો થઇ ગયા છે. આથી જનરલ બોર્ડની સંભવિત તારીખ પણ પદાધિકારીઓ રાજકોટ પરત ફરે તે બાદ નકકી થશે. હાલ પ્રજામાં નવા બ્રીજના  ઉદઘાટન અને ભાજપમાં નવી સમિતિઓની રચના માટે ઈન્તેજાર છે. તો સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન માટે વિવિધ કાર્યક્રમો ઘડવામાં આવી રહ્યા છે.